અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૮ ડિસેમ્બર ૨૦૨૩, ગુરુવાર
વિક્રમ સંવત ૨૦૮૦, માગસર વદ બીજ

વર્ષ : ૧૫
અંક : ૧૪૮

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


## ભારતીય શેરબજાર : સેન્સેક્સ ૭૦૧ પોઈન્ટના ઊછાળા સાથે ઓલટાઈમ હાઈ ૭૨૦૩૮ના સ્તરે

### નિફ્ટીએ પહેલીવાર ૨૧૬૫૦ પોઈન્ટની સપાટી વટાવી, ૨૦૬ પોઈન્ટનો વધારો જોવા મળ્યો, અલ્ટ્રાટેક અને હિન્દાલ્કોના શેર ૪ ટકાથી વધુ વધ્યા

। મુંબઈ, તા.૨૭ ।

ભારતીય શેરબજારમાં આજે જોરદાર તેજી જોવા મળી છે, જેને લઈને બજારના તમામ મુખ્ય ઈન્ડેક્સ ઐતિહાસિક હાઈ પર જઈને બંધ થયા છે. સેન્સેક્સ ૭૨,૦૦૦ના આંકડાને પાર જવામાં સફળ થયું છે તો નિફ્ટી ૨૧,૬૭૫ પોઈન્ટની નવી ઉંચાઈ પર પહોંચ્યું. બેંક નિફ્ટી પણ નવા ઉંચાઈને પહોંચવામાં સફળ થઈ છે. આજનો વેપાર પૂર્ણ થયા પર બીએસઈ સેન્સેક્સ ૭૦૧ પોઈન્ટના ઉછાળા સાથે ૭૨,૦૩૮ અને એનએસઈનું નિફ્ટી ૨૦૬ પોઈન્ટના ઉછાળા સાથે ૨૧,૬૪૭ પોઈન્ટ પર બંધ થયું છે.

આજનો વેપારમાં બેન્કિંગ સ્ટોક્સમાં ખરીદીને લઈને ૬૦૦ પોઈન્ટથી વધુ ઝડપ જોવા મળી અને બેંક નિફ્ટી ૪૮,૩૪૭ના નવા હાઈ પર જઈ પહોંચ્યો. બેંક નિફ્ટી ૧.૧૭ ટકા અથવા ૫૫૭ પોઈન્ટના ઉછાળા સાથે ૪૮,૨૮૨ પોઈન્ટ પર બંધ થયો છે. આ સિવાય ઓટો, આઈટી, મેટલ્સઈન્ફ્રા, કન્ઝ્યૂમર ડ્યૂરેબલ્સ, હેલ્થકેર સેક્ટરના સ્ટોક્સમાં ઉછાળો જોવા મળ્યો છે. જ્યારે, ઓઈલ એન્ડ ગેસ, એનર્જી સેક્ટરના શેરોમાં ઘટાડો રહ્યો. આજના વેપારમાં પણ મિડ કેપ અને સ્મોલ કેપ શેરોમાં તેજી જોવા મળી છે. સેન્સેક્સના ૩૦ શેરમાં ૨૭ શેર તેજી સાથે અને ૩ ઘટાડા સાથે બંધ થયા. જ્યારે નિફ્ટીના ૫૦ શેરમાંથી ૪૦ શેર તેજી સાથે અને ૧૦ ઘટાડા સાથે બંધ થયા. બુધવારે બીએસઈસેન્સેક્સ ૭૦૧ પોઈન્ટના ઉછાળા સાથે ૭૨૦૩૮ ના સ્તર પર બંધ થયો હતો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૦૬ પોઈન્ટના ઉછાળા સાથે ૨૧૬૪૩ ના સ્તર પર બંધ થયો હતો. નેશનલ સ્ટોક એક્સચેન્જના નિફ્ટીએ બુધવારે



પહેલીવાર ૨૧૬૫૦ પોઈન્ટની સપાટી વટાવી છે જ્યારે સેન્સેક્સ ૭૨૦૦૦ની સપાટી વટાવીને નવી ઓલ ટાઈમ હાઈ પર પહોંચી ગયો છે. ક્રિસમસ અને નવા વર્ષની રજાઓ વચ્ચે સમગ્ર વિશ્વમાં શેરનું ટ્રેડિંગ વોલ્યુમ ઘટ્યું છે, પરંતુ વૈશ્વિક બજારમાં હકારાત્મક વેપારને કારણે ભારતીય શેરબજારમાં બમ્પર વધારો નોંધાયો છે. બુધવારે શેરબજારના કામકાજમાં સારી ગતિ નોંધાઈ હતી અને બીએસઈસેન્સેક્સ લગભગ ૭૦૧ પોઈન્ટના વધારા સાથે ૭૨૦૩૮ ના સ્તરે કામ કરી રહ્યો હતો જ્યારે નિફ્ટી ૨૧૬૪૩૫ ના સ્તરે કામ કરી રહ્યો હતો અને ૨૦૬ પોઈન્ટનો ઉછાળો નોંધાઈ રહ્યો હતો. તેમાં. . બુધવારે નિફ્ટી મિડકેપ ૧૦૦, બીએસઈ સ્મોલ કેપ, નિફ્ટી આઈટી અને નિફ્ટી બેંક ઈન્ડેક્સમાં સારી વૃદ્ધિ નોંધાઈ રહી છે. શેરબજારના ટોપ ગેઈનર્સ વિશે વાત કરીએ તો, અલ્ટ્રાટેક અને હિન્દાલ્કોના શેરમાં ૪ ટકાથી વધુનો વધારો નોંધાયો હતો, જ્યારે બજાજ ઓટો, ટાટા મોટર્સના શેરમાં ત્રણ ટકાથી વધુનો વધારો નોંધાયો હતો. બુધવારે એનટીપીસી, ઓએનજીસી, અદાણી એન્ટરપ્રાઈઝ અને બ્રિટાનિયાના શેરમાં નોંધપાત્ર નબળાઈ નોંધાઈ હતી.

### ન્યૂઝ બ્રિફ

## રાહુલ ગાંધી ૬૨૦૦ કિમીની ભારત ન્યાય યાત્રા કાઢશે



। નવી દિલ્હી, તા.૨૭ ।

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ભારત જોડો યાત્રા બાદ હવે ભારત ન્યાય યાત્રા કાઢશે. આ યાત્રાનો રૂટ ઉત્તર-પૂર્વીય રાજ્ય મણિપુરથી શરૂ થઈને મહારાષ્ટ્રની રાજધાની મુંબઈ સુધી જશે. કોંગ્રેસ આ યાત્રામાં ૬૨૦૦ કિલોમીટરનું અંતર કાપશે. આ પહેલા રાહુલ ગાંધી ભારત જોડો યાત્રા પૂર્ણ કરી ચૂક્યા છે જેમાં તેણે કન્યાકુમારીથી કાશ્મીર સુધીનો પ્રવાસ કર્યો હતો. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ભારતના દક્ષિણ છેડે કન્યાકુમારીથી પગપાળા ચાલીને જમ્મુ-કાશ્મીર સુધી ભારત જોડો યાત્રા કરી હતી. આ યાત્રા ૧૫૦ દિવસ ચાલી હતી અને ૩,૫૭૦ કિલોમીટરનું અંતર કાપ્યુ હતું ત્યારે હવે આ યાત્રાની સફળતા બાદ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ભારત ન્યાય યાત્રા કાઢશે.

### તમામ સાંસદ-MLAને સોંપાઈ જવાબદારી

## ભાજપ અઢી કરોડ લોકોને કરાવશે રામલલ્લાના દર્શન

### ભાજપનો લક્ષ્ય દરેક લોકસભા સીટ પરથી ૫-૫ હજાર લોકોને, જ્યારે દરેક વિધાનસભા સીટ પરથી ૨-૨ હજાર લોકોને અયોધ્યા લાવવાનો છે

। નવી દિલ્હી, તા.૨૭ ।

અયોધ્યામાં ૨૨ જાન્યુઆરીએ રામલલ્લાનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાવાનો છે. ત્યારબાદ ભાજપ લોકોને અયોધ્યામાં ભગવાન રામના દર્શન કરાવશે. દેશભરની ૫૪૩ લોકસભા બેઠક અને તમામ વિધાનસભા મતવિસ્તારોમાંથી લગભગ અઢી કરોડ લોકોને અયોધ્યા દર્શન માટે લાવવામાં આવશે. અહીં રામલલ્લાના દર્શન કર્યા બાદ લોકો પોતપોતાના શહેરોમાં પરત ફરશે. દરમિયાન ભાજપ દ્વારા રામમંદિરની લડાઈ કેવી રીતે લડી, પહેલા સ્વરૂપ કેવું હતું, આજે શું છે, આર્થિક, સામાજિક અને ધાર્મિક આધાર પર એના ફાયદા શું થશે તે અંગે લોકોને માહિતગાર કરાશે. ભાજપનો લક્ષ્ય દરેક લોકસભા સીટ પરથી ૫-૫ હજાર લોકોને, જ્યારે દરેક વિધાનસભા સીટ પરથી ૨-૨ હજાર લોકોને અયોધ્યા લાવવાનો છે. જે રાજ્યમાં ભાજપ પાસે કોઈ સાંસદ કે ધારાસભ્ય નથી ત્યાં પ્રતિનિધી ૨-૨ હજાર લોકો માટે વ્યવસ્થા કરશે.



અંદાજિત ત્રણ મહિનામાં એક કરોડ લોકો દર્શન અને પૂજા કરવાના છે.

બાકીના દોઢ કરોડ લોકોને આગામી મહિનાઓમાં દર્શન કરાવવામાં આવશે. ૨૩ જાન્યુઆરી પછી રામલલ્લાનાં દર્શન માટે ૫-૫ હજાર લોકોના સમૂહને લાવવા પડશે. દૂર દૂરથી આવતા ભક્તોને ટ્રેન મારફત અયોધ્યા લાવવામાં આવશે. સાંસદો અને ધારાસભ્યો પોતાના ભંડોળમાંથી લોકોને લાવવા, રહેવા અને ભોજનની સંપૂર્ણ વ્યવસ્થા કરશે.






## અમદાવાદ શહેરમાં દારૂની મહેફિલમાં ૪ રાઉન્ડ ગોળીબાર

। અમદાવાદ, તા.૨૭ ।

ગત રાત્રે શહેરના બોપલ વિસ્તારમાં ફાયરિંગની ઘટના બની હોવાનું સામે આવ્યું છે. દારૂની મહેફિલમાં ફાયરિંગ થયું હોવાની વિગતો સામે આવી રહી છે. દારૂની મહેફિલમાં ચાર રાઉન્ડ ગોળીબાર થયો હતો. આ મામલે આઠ લોકો સામે ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદી અને આરોપીઓ મિત્રો હતા. આ સમગ્ર મામલે હાલ પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી અનુસાર, ગાત મોડી રાત્રે લગભગ એક વાગ્યાના અરસામાં આ ઘટના બની હતી. સાઉથ બોપલમાં આવેલા સેલિબ્રેશન સેન્ટર પાસેનો આ બનાવ છે, જ્યાં ચાર રાઉન્ડ ગોળીબાર થયો હતો. મિત્રો દારૂની મહેફિલ માણી રહ્યા હતા, તે દરમિયાન બબાલ થતાં ફાયરિંગ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. આ ઘટનામાં કોઈને ઈજા પહોંચી હોય તેવું સામે આવ્યું નથી. જ્યારે ફરિયાદી અને આરોપીઓ મિત્રો હતા અને તમામ લોકો જમીન લે-વેચનું કામ કરે છે. આ સમગ્ર મામલે આઠ લોકો સામે ફરિયાદ નોંધાઈ છે.

### RBI ના પૂર્વ ગવર્નરે તેમના પગારનો ખુલાસો કર્યો

## ગવર્નર તરીકે મળતા ૪ લાખના પગાર કરતા સરકારી મકાન મહત્વનું : રાજન

### આરબીઆઈ ગવર્નરનું ઘર ખૂબ જ મોટું છે અને મલબાર હિલમાં ઉદ્યોગપતિ ધીરુભાઈ અંબાણીના ઘરથી થોડે દૂર છે

। નવી દિલ્હી, તા.૨૭ ।

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના પૂર્વ ગવર્નર રઘુરામ રાજને હાલમાં ગવર્નરનો હોદ્દો સંભાળતા સમયના તેમના પગાર બાબતે ખુલાસો કર્યો હતો. તેમને આ અંગે જણાવ્યું હતું કે ગવર્નરનો હોદ્દો સંભાળતી વખતે તેમનો માસિક પગાર રૂ. ૪ લાખ હતો. આ ઉપરાંત તેમણે એ પણ કહ્યું કે આરબીઆઈના ગવર્નર તરીકે મળતા પગાર કરતા પણ તેમને જે સરકારી મકાન મળ્યું હતું તેનું મહત્વ વધારે હતું. રઘુરામ રાજને એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે વર્તમાન સમયમાં આરબીઆઈગવર્નરની સેલરી શું હોય તે નથી જાણતા પરતું તેઓ જયારે ગવર્નરનો હોદ્દો સંભાળતા તે સમયે તેમને રૂ. ૪ લાખ પગાર મળતો હતો. આ ઉપરાંત તેમણે કહ્યું કે આરબીઆઈગવર્નર તરીકે હોદ્દો સંભાળવાનો સૌથી મોટો ફાયદો તેમને મળતું સત્તાવાર ઘર છે. જે ખૂબ જ મોટું છે અને



મલબાર હિલમાં દેશના દિગ્ગજ ઉદ્યોગપતિ ધીરુભાઈ અંબાણીના ઘરથી થોડે દૂર છે. આ સત્તાવાર ઘર બાબતે રઘુરામે જણાવ્યું કે તેમણે એક સમયે ગણતરી કરી હતી કે જો આ ઘર વેચવામાં આવે અથવા તો જેમ પોર્ટ ઓથોરિટી પાસે રૂ. ૪૫૦ કરોડ લાંબાગાળાની લીઝ છે તેમ આ ઘરને લીઝ પર આપવામાં આવે, તો આરબીઆઈના ટોચના અધિકારીઓનો પગાર સરળતાથી ચૂકવી શકાય. આ સિવાય આરબીઆઈ ગવર્નર માટે ૪ લાખ રૂપિયાનો પગાર પૂરતો છે? બાબતે પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે ગવર્નરનો હોદ્દો કેબિનેટ સચિવ જેવા અન્ય સરકારી અધિકારીઓ જેવા જ છે.












કોરોના ટેસ્ટીંગ કરી રહેલ એએમસી અર્બન સેન્ટરની નર્સ.

### ૩૧ ડિસેમ્બર પૂર્વે અગમચેતીના ભાગરૂપે મેગા કોમ્બિંગ

# ભરૂચ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે શંકાસ્પદ સીમેન્ટનો જથ્થો કબ્જે કર્યો

## ૧૪,૦૦,૦૦૦ રૂપિયાની કિંમતના મુદ્દામાલ સાથે એક વ્યક્તિને ઝડપી પાડી ભરૂચ એસ.ઓ.જી.એ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

। ભરૂચ, તા.૨૭ ।

ભરૂચ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે શંકાસ્પદ સીમેન્ટનો જથ્થો કબ્જે કર્યો છે. ૧૪,૦૦,૦૦૦ રૂપિયાની કિંમતના મુદ્દામાલ સાથે એક વ્યક્તિને ઝડપી પાડી ભરૂચ એસ.ઓ.જી.એ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વાહનમાંથી ૫૦૦ બેગ સિમેન્ટ મળી આવી હતી જેના બિલ કે માલિકી પુરવાર કરતા કોઈ દસ્તાવેજ મળી આવ્યા ન હતા. પોલીસ મહાનિરીક્ષક સંદીપસિંહ વડોદરા વિભાગ તથા ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાની સુચના અને માર્ગદર્શન આધારે પોલીસ ઈન્સ્પેકટર એ.એ.ચૌધરી તથા પોલીસ ઈન્સ્પેકટર એમ.વી.તડવીએ પોતાની ટીમને કાર્યરત કરતા એસ.ઓ.જી. પોલીસ સ્ટાફ અંકલેશ્વર શહેર વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગ દરમિયાન અસામાજિક અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અટકાવવા સક્રિય ભૂમિકા હાથ ધરી છે.બાતમી આધારે ખાપર નંદુરબાર (મહારાષ્ટ્ર) ખાતેથી ટાટા ટ્રક નંબર GJ-17-XX-1890માં વગર બીલ- બિલ્ટીની શંકાસ્પદ સીમેન્ટની બેગો ચૌટા બજાર અંકલેશ્વર ખાતે આવનાર છે જે માહિતી આધારે વોચમાં રહેતા બાતમી મુજબની ટાટા ટ્રક નં- GJ-17-XX-1890 આવતા તેને રોકી ચેક કરતા તેમા અલ્ટ્રાટેક સીમેન્ટની બેગ નંગ-૫૦૦ મળી આવી હતી. આ સિમેન્ટ અંગે અલ્ટ્રાટેક સીમેન્ટ કંપનીની બેગોના ખરીદ બીલ કે આધાર પુરાવા બાબતે પુછતા સંતોષકારક જવાબ મળ્યો હતો નહી.અલ્ટ્રાટેક સીમેન્ટની બેગ છળકપટ અથવા ચોરીથી મેળવેલ હોવાનુ પ્રથમ દ્રષ્ટ્રીએ જણાઈ આવતા સી.આર.પી.સી.કલમ ૧૦૨ મુજબ કબ્જે કરવામાં આવેલ તેમજ સદર ઈસમને સી.આર.પી.સી. કલમ ૪૧(૧) ડી મુજબ અટક કરવામા આવેલ અને આગળની વધુ તપાસ એસ.ઓ.જી. ભરૂચ દ્વારા કરવામાં આવી રહેલ છે. પોલીસે સિમેન્ટ અને ટેમ્પો મળી કુલ કિંમત રૂપિયા ૧૪,૦૦,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી મુઝાહિદહુશેન ગુલામહુશેન મકરાણી ઉ.વ.૩૨ રહેવાસી રાજમોઈ બડી, તા.અકકલકુવા, જિ.નંદુરબાર (મહારાષ્ટ્ર)ની અટકાયત કરી પૂછપરછ હાથ ધરી છે. આ કાર્યવાહીમાં પોલીસ ઈન્સ્પેકટર એ.એ.ચૌધરી તથા પો.ઈન્સ. એમ.વી.તડવી સાથે હે.કો.રવિન્દ્રભાઈ નુરજીભાઈ, હે.કો.શૈલેષભાઈ ઈશ્વરભાઈ, પો.કો.સુરેશભાઈ રામસીંગભાઈ, પો.કો.મો.ગુફરાન મો.આરીફ તથા પો. કો.તનવીર મહમદફારૂકએ જહેમત ઉઠાવી હતી.

### ગુજરાતના દરિયા પાસે મોટું સંકટ । દરિયા પાસે ઈન્ડિયન કોસ્ટગાર્ડ દ્વારા સુરક્ષા વધારી દેવામાં આવી

# ગુજરાતના દરિયા કાંઠે ત્રણ યુદ્ધ જહાજ તૈનાત કરવામા આવ્યા

। પોરબંદર, તા.૨૭ ।

અરબી સમુદ્રમાં ક્રૂડ ઓઈલ ભરેલા જહાજ પર હુમલો કરાયો હતો. ગુજરાત પાસે મધદરિયે જહાજ પર ડ્રોન હુમલો કરવાની ચોંકાવનારી ઘટના બની હતી. સોમનાથથી ૩૭૮ કિમી દૂર જહાજ પર હુમલો કરાયો હતો. ત્યારે દેશના દુશ્મનોની તાકાત વધતા ઈન્ડિયન નેવી સતર્ક થયું છે. અરબ સાગરમાં ગુજરાતના દરિયા કાંઠે ૩ યુદ્ધ જહાજ તૈનાત કરી દેવાયા છે. આમ, ગુજરાતના દરિયા પાસે ઈન્ડિયન કોસ્ટગાર્ડ દ્વારા સુરક્ષા વધારી દેવામાં આવી



છે. શનિવારે પોરબંદરથી લગભગ ૨૧૭ નોટિકલ માઈલના અંતરે ૨૧ ભારતીય ક્રૂ મેમ્બર્સને લઈ જતા ક્રુડ ઓઈલથી ભરેલા જહાજ પર ડ્રોન હુમલો કરવામાં આવ્યો હતો. ભારતીય નૌકાદળ અને ભારતીય કોસ્ટ ગાર્ડે આ જહાજને સુરક્ષા પહોંચાડી હતી. અને તેને મુંબઈના દરિયા કિનારે પહોંચાડ્યુ હતું. ભારતીય તટ રક્ષક જહાજ ICGS વિક્રમે તેને મુંબઈ જતા માર્ગ પર સુરક્ષા પૂરી પાડી હતી. સોમવારે આ જહાજ મુંબઈ પર પહોંચ્યા બાદ તેનુ નિરીક્ષણ કરવામા આવ્યુ હતું કે, ક્યાં ડ્રોન હુમલો કરાયો હતો અને તેના માટે કેટલા વિસ્ફોટોનો ઉપયોગ કરાયો હતો. હાલ ટેકનિકલ માહિતી એકઠી કરવામા આવી રહી છે. હુમલાનું ક્ષેત્ર અને જહાજ પર મળેલા કાટમાળ પરથી જણાય છે કે તે ડ્રોન હુમલો હતો અરબ સાગરમાં યુદ્ધ જહાજ INS મોર્મુગાઓ, INS કોચિ અને INS કોલકાતા તહેનાત કર્યા છે. તેમણે કહ્યું કે લોંગ રેન્જ મેરીટાઈમ રિકોનિસન્સ એરક્રાફ્ટ P8I પણ તહેનાત કરવામાં આવ્યા છે. ગુજરાતના દરિયા પાસે બનેલી આ ઘટના બાદ ભારતીય નૌકાદળ અને ભારતીય કોસ્ટ ગાર્ડે જહાજને મદદ પૂરી પાડવા માટે અનેક જહાજો તૈનાત કર્યા હતા.

યુએસ ડિફેન્સ ડિપાર્ટમેન્ટના હેડક્વાર્ટર પેન્ટાગોને રવિવારે જણાવ્યું હતું કે એમવી કેમ પ્લુટો "ઈરાન દ્વારા કરવામાં આવેલા ડ્રોન હુમલા"ની ઝપેટમાં આવ્યું હતું.

### ૧૦ દિવસથી કવાયત છતા હજુ દીપડો પકડાયો નથી

# રાજકોટમા દીપડાના ડરથી વન વિભાગે ચેતવણી આપી

## રાત્રિના સમયે એકલા ન નીકળવા સલાહ આપી છે તેમજ વાડી વિસ્તારમાં નોનવેજ ખાધા બાદ કચરો જાહેરમાં ન ફેંકવા પણ જણાવ્યું છે

। રાજકોટ, તા.૨૭ ।

રાજકોટની ભાગોળે આવેલા વાગુદડ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી બાદ હવે કણકોટ પાસે આવેલા કૃષ્ણનગર વિસ્તારમાં દીપડો દેખાયો હતો. ગઈકાલે સ્થાનિકોએ વન વિભાગને જાણ કરતાં વન વિભાગની ટીમ પહોંચી હતી. વન વિભાગ દ્વારા કૃષ્ણનગર પાસે પાંજરા મૂકવામાં આવ્યા છે. છેલ્લા દસ દિવસથી ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ દ્વારા દીપડાની શોધખોળ ચાલુ છે. દીપડાના વાવડ મળી રહ્યા છે, પણ સગડ નથી મળતા. ૧૦ દિવસથી કવાયત છતા હજુ દીપડો પકડાયો નથી. ૧૦ દિવસથી દીપડો વન વિભાગની ટીમને હંફાવી રહ્યો છે. સ્થાનિકો દ્વારા રોજરોજ લોકેશન આપવામાં આવે છે પરંતુ દીપડાની ભાળ નથી મળતીગામના મિયાવાકી પ્લાન્ટેશન પાસે જ દીપડાએ દેખા દેતા વાગુદળના ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે. સાંજના સમયે દીપડો દેખાતા વન વિભાગને જાણ કરાઈ છે અને રાત્રે વન વિભાગ પણ પહોંચી જતા સગડના આધારે દીપડાની ખોજ શરૂ કરી છે.વાગુદળમાં સ્મશાન પાસે જ મિયાવાકીથી વૃક્ષારોપણ કરાયું છે, તે મિયાવાકી પ્લાન્ટેશન બાદ ગાડા માર્ગ આવે છે ત્યાંથી ગામના કેટલાક લોકો પસાર થઈ રહ્યા હતા ત્યારે સાંજે ૭ વાગ્યાના સમયે તેમના વાહનથી ૧૦ ફૂટ દૂર જ દીપડો રસ્તો ઓળંગતો દેખાયો હતો. જેથી ગ્રામજનો એ તુરંત જ સરપંચ મુકેશભાઈ સહિતનાઓને જાણ કરી હતી. જેને લઈને વન વિભાગ સક્રિય થયું હતું.

રાત્રીના સમયે જ દીપડો સૌથી વધુ સક્રિય થતો હોઈ સરપંચ તેમજ વન વિભાગના સ્ટાફ સહિતનાઓએ દીપડાનું લોકેશન મેળવવા પ્રયત્ન કર્યો હતો. અને દીપડો મળ્યા બાદ રેસ્ક્યુ ની કામગીરી પણ કરાવામાં આવશે જેથી ગ્રામ જનો ને કોઈ સમસ્યા ન થાય. મીડિયા સાથે ની વાતચીતમાં DCF તુષાર પટેલ એ જણાવ્યું કે દીપડા ને લઈને ફોરેસ્ટ વિભાગે કાર્યવાહી શરૂ કરી દીધી છે. હાલ ગામમાં ફોરેસ્ટ વિભાગ દ્વારા પેટ્રોલિંગ પણ શરૂ કરી દેવામાં આવી છે.

### અનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરાયુ

# સરકારી કચેરીઓમાંથી વચેટિયા વહીવટ દૂર કરવા ADM દ્વારા કડક નિર્ણય લેવાયો

## જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમો તથા ભારતીય દંડ સંહિતા મુજબ શિક્ષાને પાત્ર થશે

। નર્મદા, તા.૨૭ ।

નર્મદા જિલ્લાની તમામ સરકારી કચેરીઓ ખાતે અનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવતું અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરાયું છે.તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે કે આ સરકારી જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમો તથા ભારતીય દંડ સંહિતા મુજબ શિક્ષાને પાત્ર થશે. જેની સામે કાર્યવાહી કરવામાં આવશેનર્મદા જિલ્લા મેજીસ્ટ્રેટના કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવતી કચેરીઓ જેવી કે જિલ્લા સેવાસદન, જિલ્લા ન્યાય સંકુલ, જિલ્લા પંચાયત કચેરી, સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી સહિત જિલ્લામાં આવેલી તમામ સરકારી કચેરીઓ ખાતે દૈનિક ધોરણે મોટા પ્રમાણમાં નાગરિકો પોતાના કામ અર્થે આવતા હોય છે. કેટલાક અનઅધિકૃત વ્યક્તિઓ કે તેમની ટોળી આવા નાગરિકો અથવા અરજદારોને ગેરમાર્ગે દોરી, લલચાવી તેમજ વચેટિયા તરીકે કામ કરવાનો ઈરાદો ધરાવે છે. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સી.એ.ગાંધીએ આવા વ્યક્તિઓના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામુ પ્રસિદ્ધ કર્યું છે. આવા કોઈપણ અનઅધિકૃત વ્યક્તિઓ કે ટોળી જિલ્લામાં આવેલી તમામ સરકારી કચેરીઓના મુખ્ય દરવાજાની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ઉભા રહેવા તથા કચેરીમાં પ્રવેશ કરી શકશે નહી. આ જાહેરનામાની અમલવારી ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી કરવાનો રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ -૧૩૫ તથા ભારતીય દંડ સંહિતાની કલમ – ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. ઘણાં કિસ્સાઓમાં સરકારી કચેરીઓમાં દલાલો અને લાંચ વગર કોઈ કામ થતું નથી. વધતા ભ્રષ્ટાચાર અને લાંચરુશ્વત સામે ઝીરો ટોલરન્સ તરફ સરકાર-વહીવટી સ્તરે પ્રયાસો શરૂ થયા છે.

### બસ અકસ્માત બાદ આખરે સુરત મહાનગરપાલિકા જાગી

# BRTS બસ હવે અકસ્માત સર્જશે, તો માત્ર ડ્રાઈવર જ નહીં, એજન્સી સામે પણ ગુનો નોંધાશે

## ફીટનેસના સર્ટીફીકેટ સ્મીમેર હોસ્પિટલના જવાબદાર નિયત ડોક્ટર પાસેથી મેળવી રજુ કરવાનું રહેશે

। સુરત, તા.૨૭ ।

સુરતમાં ૨૩ ડિસેમ્બરે સાંજે કતારગામમાં થયેલા BRTS બસ અકસ્માત બાદ આખરે સુરત મહાનગરપાલિકા જાગી છે અને તાત્કાલિક ધોરણે પાલિકા મેયર, પાલિકા કમિશનર અને સ્ટેન્ડિંગ ચેરમેન દ્વારા બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં ડ્રાઈવર અને કન્ડકટરની લાયકાત નક્કી કરવાની સૂચના અપાઈ છે. સૌથી મહત્વની બાબત એ નક્કી કરાઈ છે કે, હવે કોઈ પણ પ્રકારનો અકસ્માત થશે, તો માત્ર ડ્રાઈવર જ નહીં, પરંતુ એજન્સી સામે પણ ગુનો દાખલ થશે. આ ઉપરાંત વિજીલન્સની ટીમને બ્રેથ એનેલાઈઝર દ્વારા ડ્રાઈવર અને કન્ડકટરની તપાસ કરી રોજબરોજનો રીપોર્ટ બનાવી જવાબદાર અધિકારી મારફત રજુ કરવામાં આવશે. જો કોઈ નશાની હાલતમાં પકડાય તો પોલીસ ફરીયાદ કરાશે. તેમજ જો કર્મચારીઓને ઓછા પગાર અપાશે તો, જવાબદાર સામે કાર્યવાહી



કરવામાં આવશે. આ સાથે સાવચેતીના અન્ય નિયમો પણ નક્કી કરાયા છે. જેમાં ડ્રાઈવર અને કન્ડકટરને ૭ દિવસમાં મેડીકલ ફીટનેસના સર્ટીફીકેટ મેળવાનું રહેશે. તેમજ ફીટનેસના સર્ટીફીકેટ સ્મીમેર હોસ્પિટલના જવાબદાર નિયત ડોક્ટર પાસેથી મેળવી રજુ કરવાનું રહેશે. તો સાથે જ સ્થાનિક પોલીસ સ્ટેશનમાંથી હાલનું કેરેકટર સર્ટિફિકેટ પણ ૭ દિવસમાં રજુ કરવાનું રહેશે. બસમાં કઈ કઈ સુવિધા કે સુચના હોવી જોઈએ તેનું ચેકલીસ્ટ બનાવવું રહેશે અને જવાબદાર અધિકારીની સહીથી દર માસે ચકાસણી કરી, તેનો રીપોર્ટ આપવો પડશે.

### વિશેષ

### વેરાવળની સેન્ટમેરી સ્કુલમાં ૯ થી ૬૬ વર્ષ સુધીના ૪૩ સ્પર્ધકોએ ભાગ લીધો

# ગીર સોમનાથ જિલ્લા કક્ષાની સૂર્ય નમસ્કાર સ્પર્ધા યોજાઇ

## ભાઇઓમાં અનિરૂધ્ધિસિંહ, યજ્ઞેશભાઇ અને અનિલભાઇ વિજેતા થયા, બહેનોમાં સંગીતાબેન, નેહાબેન અને કૃપાબેન વિજેતા બન્યા








ગીર સોમનાથ વેરાવળની સેન્ટ મેરી સ્કૂલ ખાતે ગીર સોમનાથ જિલ્લા કક્ષાની સૂર્ય નમસ્કાર સ્પર્ધા યોજાઈ હતી. જેમાં તાલુકા અને નગર પાલિકા કક્ષાએથી વિજેતા થયેલ ખેલાડીઓએ જિલ્લાકક્ષાની આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વિજેતા થનાર ખેલાડીઓ રાજ્યકક્ષાની સ્પર્ધામાં પોતાનું કૌવત બતાવશે. જિલ્લા કક્ષાની આ સ્પર્ધામાં વિજેતા થનાર તમામ ખેલાડીઓને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાશે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, ગાંધીનગર અંતર્ગત ગીર સોમનાથ જિલ્લાની સૂર્ય નમસ્કાર સ્પર્ધા યોજાઈ હતી. જેમાં તાલુકા અને નગરપાલિકા કક્ષાએ ઉર્તીણ થયેલા ૪૩ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ૯ થી ૬૫ વર્ષ સુધીના સ્પર્ધકો જોડાયા હતા. અંતે ભાઈઓમાં અનિરૂધ્ધસિંહ સોઢા, યજ્ઞેશભાઈ વાળા, અનિલભાઈ બાંભણિયા વિજેતા થયા હતા. જ્યારે બહેનોમાં સંગીતાબેન વાળા, નેહાબેન ઠક્કર અને કૃપાબેન તન્ના વિજેતા બન્યા છે. આ વિજેતા સ્પર્ધકોને પ્રથમ નંબર આવનારને રૂા.૨૧,૦૦૦, દ્વિતીય નંબરને રૂા.૧૫,૦૦૦ અને તૃતીય નંબરને રૂા.૧૧,૦૦૦ ઈનામ આપવામાં આવશે. અને હવે તે રાજ્યકક્ષાએ રમવા જશે. આ સ્પર્ધામાં ભાગ લેનાર ૬૬ વર્ષના હર્ષદભાઈ કરંગીયાએ જણાવ્યું હતું કે, આજે જિલ્લા કક્ષાની સૂર્ય નમસ્કાર સ્પર્ધામાં ભાગ લીધો છે. કારણ કે, હું નગરપાલિકા કક્ષાએ અવ્વલ આવ્યો હતો. તેમણે સૂર્ય નમસ્કાર અંગે વાત કરતા કહ્યું કે, નિરોગી જીવન જીવવા માટે સૂર્ય નમસ્કાર જરૂરી છે. ગુજરાત સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સૂર્ય નમસ્કાર સ્પર્ધાનું આયોજન કરી લોકોનું સ્વાસ્થ્ય સારૂ રાખવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે જે આનંદની વાત છે. સૂર્ય નમસ્કાર થકી શરીર તો તંદુરસ્ત રહે છે. પરંતુ મન પણ પાવર ફુલ રહે છે. આથી દરેક લોકોએ તંદુરસ્ત રહેવા માટે સૂર્ય નમસ્કાર કરવા જોઈએ તેમ અંતે કહ્યું હતું.

### કે.એલ રાહુલના ૧૩૩ બોલમાં ૧૪ ચોગ્ગા, ૪ સિક્સ

# ભારત અને સાઉથ આફ્રિકાની પ્રથમ ટેસ્ટ મેચમાં કેએલ રાહુલે શાનદાર સદી ફટકારી

| સેન્ચુરિયન, તા.૨૭ |

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે ૨ મેચની ટેસ્ટ સિરીઝની પ્રથમ ટેસ્ટ મેચ સેન્ચુરિયનના સુપરસ્પોર્ટ પાર્કમાં રમાઈ રહી છે. આ મેચમાં ટીમ ઈન્ડિયા પહેલા બેટિંગ કરવા ઉતરી હતી. પહેલા દિવસે ટીમ ઈન્ડિયાને બેટિંગ સારી રહી ન હતી. પરંતુ વિકેટકીપર કે.એલ રાહુલે ઈનિંગ્સ સંભાળી હતી. બીજા દિવસે રાહુલે શાનદાર સદી ફટકારી હતી. ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાઈ રહેલી બોક્સિંગ ડેટેસ્ટમાં બીજા દિવસે ભારતનો સ્કોર ૨૪૫ ઓલઆઉટ હતી. બીજા દિવસે કે.એલ રાહુલે પોતાની સદી પુરી કરી લીધી છે. કે.એલ રાહુલ જ્યારે મેદાનમાં ઉતર્યો તો ટીમ ઈન્ડિયા ૯૨ રનમાં ૪ વિકેટ ગુમાવી હતી. ત્યારબાદ તેણે ભારતનો



સ્કોર ધીમે ધીમે આગળ વધાર્યો હતો. આ સાથે એક સદી પણ ફટકારી હતી. કે.એલ રાહુલે ૧૩૩ બોલમાં પોતાની સદી ફટકારી હતી. આ દરમિયાન તેમણે ૧૪ ચોગ્ગા અને ૪ સિક્સ ફટકારી હતી. સદી બાદ તે ક્રિઝ પર વધુ સમય ટક્યો નહિ અને ૧૦૧ રન પર જ આઉટ થયો હતો.. કે.એલ રાહુલે આ પહેલા ૨૦૨૧માં સેચુરિયન ટેસ્ટમાં સદી ફટકારી હતી. તે મેચ પણ બોક્સિંગ ડે ટેસ્ટ હતી. આ સાથે તે સતત ૨ બોક્સિંગ ડે ટેસ્ટમાં સદી ફટકારનાર બીજો ભારતીય બેટ્સમેન બની ચૂક્યો છે. આ પહેલા સચિન તેડુલકરે આ કારનામું કર્યુ હતુ. સચિને ૧૯૯૮ અને ૧૯૯૯ બોક્સિંગ ડે ટેસ્ટમાં સદી ફટકારી હતી. કે.એલ રાહુલે ૧૩૭ બોલમાં ૧૦૧ રનની શાનદાર ઈનિંગ્સ રમી છે અને ટીમનો સ્કોર ૨૪૫ સુધી પહોંચાડ્યો હતો. આ મેચમાં જ્યારે કેએલ રાહુલ નંબર-૬ પર બેટિંગ કરવા માટે ક્રીઝ પર આવ્યો હતો, ભારતીય ટીમનો સ્કોર ૪ વિકેટના નુકસાન પર માત્ર ૯૨ રન હતા. હવે સાઉથ આફ્રિકાના સેંચુરિયનના મેદાન પર ૨ સદી ફટકારનાર કે,એલ રાહુલ દુનિયાનો પહેલો વિદેશી બેટ્સમેન બની ગયો છે.



# પાકિસ્તાનના પૂર્વ કેપ્ટન બાબર આઝમ સતત ત્રીજી ઈનિંગમાં ફ્લોપ રહ્યો

| નવી દિલ્હી, તા.૨૭ |

એક સમયે બાબર આઝમની સરખામણી વિરાટ કોહલી સાથે કરવામાં આવતી હતી અને કેટલાક તેને વર્લ્ડ બેસ્ટ બેટ્સમેનોમાં એક માનતા હતા. પરંતુ તેનું હાલનુ પ્રદર્શન જોતાં આ વાતો સાવ બકવાસ હોય એવું લાગી રહ્યું છે, કારણકે બાબર સતત બીજી ટેસ્ટમાં સાવ સસ્તામાં આઉટ થયો હતો અને હવે તેના ટીમમાં સ્થાન અંગે પણ પ્રશ્નાર્થ ઊભા થયા છે. હાલમાં બાબર આઝમ ઓસ્ટ્રેલિયાના પ્રવાસ પર છે અને તે સતત નિષ્ફળ જઈ રહ્યો છે. પર્થ ટેસ્ટની બંને ઈનિંગ્સમાં નિષ્ફળ રહ્યા બાદ બાબર આઝમ મેલબોર્ન ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં પણ વહેલો આઉટ થયો હતો. બાબર આઝમ માત્ર ૧ રન બનાવીને બોલ્ડ થયો હતો. બાબર આઝમે મેલબોર્ન ટેસ્ટના પ્રથમ દાવમાં માત્ર ૭ બોલનો સામનો કર્યો હતો. તેને ઓસ્ટ્રેલિયન કેપ્ટન પેટ કમિન્સે એક શાનદાર બોલ પર બોલ્ડ કર્યો હતો. કમિન્સનો આ બોલ ઓફ સ્ટમ્પની બહારથી અંદર આવ્યો અને બાબરનો ઓફ સ્ટમ્પ ઉડી ગયો. બાબર માની જ ન શક્યો કે તે બોલ્ડ થયો છે. બાબરના આઉટ થયા બાદ મેલબોર્નમાં હાજર સેંકડો ચાહકો ખૂબ જ નિરાશ દેખાયા હતા.. મેલબોર્નની પીચ બેટિંગ માટે સારી હતી અને બોલ સ્વિંગ થતો ન હતો, આવી સ્થિતિમાં બાબર પાસે મોટી ઈનિંગ રમવાની દરેક તક હતી પરંતુ તેમ થઈ શક્યું નહીં. હવે સવાલ એ છે કે બાબર આઝમ રન કેમ નથી કરી રહ્યો? તેની સમસ્યા શું છે? તમને જણાવી દઈએ કે બાબર આઝમને ઘણીવાર વિદેશી પીચો પર રન બનાવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે. છેલ્લા બે વર્ષમાં વિદેશી ધરતી પર રમાયેલી ટેસ્ટમાં બાબર આઝમે ૩૮ ઈનિંગ્સમાં માત્ર ૨૫ની એવરેજથી ૯૬૮ રન બનાવ્યા છે. જ્યારે પાકિસ્તાનમાં તેની એવરેજ ૫૬ છે. તે સ્પષ્ટ છે કે બાબર આઝમ માત્ર સપાટ વિકેટો પર રન બનાવે છે અને ઘણીવાર મુશ્કેલ પીચો પર શરણાગતિ સ્વીકારતા જોવા મળે છે. ૨૦૨૩નું વર્ષ બાબર માટે ઘણું ખરાબ રહ્યું છે. આ વર્ષે, આ ખેલાડી ૫ ટેસ્ટમાં ૨૦.૩૭ની એવરેજથી માત્ર ૧૬૩ રન જ બનાવી શક્યો છે, જેમાં એક પણ સદીનો સમાવેશ થતો નથી, તેણે માત્ર એક જ અડધી સદી ફટકારી છે.

## ન્યૂઝ બ્રિફ

### કોરોનાના નવા વેરિયન્ટ જેએન-૧ના કેસની સંખ્યા ૧૦૯ થઈ

| નવી દિલ્હી, તા.૨૭ |

દેશમાં ફરી એકવાર કોરોના વાયરસનો ખતરો તોળાઈ રહ્યો છે અને ખાસ કરીને તેના નવા સબ વેરિઅન્ટ જેએન.૧નો ખતરો સતત વધી રહ્યો છે. જેએન.૧નું સંક્રમણ દેશના સાત રાજ્યોમાં ફેલાયું છે અને સંક્રમિત લોકોની સંખ્યા પણ વધી રહી છે ત્યારે નવા વરિયન્ટના કેસની સંખ્યા ૧૦૯ થઈ ગઈ છે જેમાં સૌથી વધુ ગુજરાતમાં નોંધાયા છે. દેશમાં કોરોના વાયરસના સબ વેરિયન્ટ જેએન.૧થી સંક્રમિત દર્દીઓની સંખ્યા ઝડપથી વધી રહી છે અને ગઈકાલે સબ-વેરિયન્ટના વધુ ચાલીસ કેસો નોંધાતા હતા, આ સાથે જ સમગ્ર દેશમાં નવા વેરિઅન્ટના કેસની સંખ્યા વધીને ૧૦૯ થઈ ગઈ છે, જેમાં ગુજરાતમાંથી ૩૬, કર્ણાટકમાંથી ૩૪, ગોવામાંથી ૧૪, મહારાષ્ટ્રમાંથી ૯, કેરળમાંથી ૬, રાજસ્થાન અને તમિલનાડુમાંથી ૪ અને તેલંગાણામાંથી બે કેસ મળી આવ્યા હતા. મોટાભાગના દર્દીઓ હાલમાં હોમ આઈસોલેશનમાં છે. નીતિ આયોગના સભ્ય ડૉ વી કે પૉલે ગયા અઠવાડિયે કહ્યું હતું કે સબ વેરિયન્ટની નજીકથી તપાસ કરવામાં આવી રહી છે.

### ધર્માંતરણ કરનારાને અનુસૂચિત જાતીમાંથી બાકાત કરવા માંગ



| રાંચી, તા.૨૭ |

આદિવાસી સમાજના લોકોનું કહેવું છે કે ધર્માંતરણ કરનારા લોકો એસટીનો લાભ લઈ તેમના હક્કો છીનવી રહ્યા છે. તેમના મતે, ખ્રિસ્તી બનેલા એસટીછેલ્લા ૭૫ વર્ષથી અનુસૂચિત જનજાતિને અપાતા અનામતના ૮૦ ટકા લાભોનો લાભ લઈ રહ્યા છે. ડી-લિસ્ટિંગ માટે દેશવ્યાપી ચળવળ ચાલી રહી છે એટલે કે આદિવાસી સમુદાયના લોકોને અનુસૂચિત જનજાતિ (એસટી) ના કાર્યક્ષેત્રમાંથી ખ્રિસ્તી અથવા મુસ્લિમ ધર્મમાં પરિવર્તિત થયેલા લોકોને બાકાત રાખવા. ફેબ્રુઆરી ૨૦૨૪ માં, આદિવાસી સમુદાયના લોકો તેમની માંગણીઓના સમર્થનમાં દિલ્હીમાં એકઠા થઈ શકે છે. તેણે ક્રિસમસ પહેલા ૨૪ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ ઝારખંડની રાજધાની રાંચીમાં એકત્ર થઈને પોતાનો ઈરાદો વ્યક્ત કર્યો છે. અનુસૂચિત જનજાતિના લોકોનું આ અભિયાન આદિજાતિ સુરક્ષા ફોરમ (જેએસએમ)ના બેનર હેઠળ ચાલી રહ્યું છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ આ અભિયાનને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) અને અન્ય હિંદુ સંગઠનોનું પણ સમર્થન છે. આ જ અહેવાલમાં એવું કહેવામાં આવ્યું છે કે દેશભરના આદિવાસી સમુદાયના લોકો ફેબ્રુઆરીમાં દિલ્હીમાં એકઠા થશે.

### ભારતની દ.આફ્રિકા સામે પ્રથમ ટેસ્ટ જારી

# કાગીસો રબાડાએ રોહિત શર્માને સૌથી વધુ વખત આઉટ કર્યો

## રબાડાએ ૧૩મી વખત રોહિત શર્માને આઉટ કર્યો જ્યારે ટિમ સાઉથીએ ૧૨ વખત રોહિત શર્માને આઉટ કર્યો છે

| નવી દિલ્હી, તા.૨૭ |

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે ૨ મેચોની ટેસ્ટ સિરીઝ રમાઈ રહી છે. પ્રથમ ટેસ્ટમાં સાઉથ આફ્રિકાએ ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. બેટિંગ કરવા ઉતરેલ ભારતીય ટીમની શરૂઆત ખુબ જ ખરાબ રહી હતી. પહેલા દિવસના અંતે ભારતનો સ્કોર ૮ વિકેટના નુકસાને ૨૦૮ રન હતો. પ્રથમ ટેસ્ટમાં સાઉથ આફ્રિકાના ફાસ્ટ બોલર કાગીસો રબાડાએ ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્માને ૫ રનના સ્કોર પર આઉટ કર્યો હતો. રોહિતની આ વિકેટની સાથે રબાડા



ઈન્ટરનેશનલ ક્રિકેટમાં રોહિતને સૌથી વધુ વખત આઉટ કરનાર બોલર બની ગયો છે. તેણે ન્યુઝીલેન્ડના ટીમ સાઉથીનો રેકોર્ડ તોડી દીધો છે.

સેન્ચુરિયનમાં રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ દ્વારા રબાડાએ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ૧૩મી વખત રોહિત શર્માને આઉટ કર્યો છે. જ્યારે ટિમ સાઉથીએ ૧૨ વખત રોહિતને આઉટ કર્યો છે. આ લીસ્ટમાં શ્રીલંકાના એન્જેલો મૈથ્યુઝ ત્રીજા સ્થાને છે.

મૈથ્યુઝે કુલ ૧૦ વખત રોહિત શર્માને આઉટ કર્યો છે. જ્યારે રબાડાએ ટેસ્ટમાં છઠ્ઠી વખત રોહિત શર્માની વિકેટ લીધી હતી. આ રીતે રબાડા હિટમેન માટે પડકારરૂપ સાબિત થાય છે. ઓસ્ટ્રેલિયા સામે વનડે વર્લ્ડ કપ૨૦૨૩ની ફાઈનલ મેચમાં મળેલી હાર બાદ સાઉથ આફ્રિકા સામે ટેસ્ટ દ્વારા રોહિત શર્મા પ્રથમ વખત ક્રિકેટના મેદાનમાં જોવા મળ્યો હતો.

### રાહુલે ટેસ્ટ ક્રિકેટમાં અત્યાર સુધી ૪૭ ટેસ્ટમાં ૨૬૪૨ રન

# માત્ર ધોની નહીં, કેએલ રાહુલનું પણ નંબર ૭ સાથે કનેક્શન

## ધોનીનો લકી નંબર ૭ માનવામાં આવે છે પરંતુ રાહુલે ટેસ્ટ ક્રિકેટમાં અત્યાર સુધી ૪૭ ટેસ્ટમાં ૨૬૪૨ રન બનાવ્યા છે

| નવી દિલ્હી, તા.૨૭ |

સેન્ચુરિયનમાં બોક્સિંગ ડે ટેસ્ટના પ્રથમ દિવસે દક્ષિણ આફ્રિકાના ફાસ્ટ બોલરો સામે ભારતીય બેટ્સમેનો ભારે મુશ્કેલીમાં જોવા મળ્યા હતા. પહેલા દિવસે સ્ટમ્પના સમયે ભારતીય ટીમનો સ્કોર ૮ વિકેટે ૨૦૮ રન હતો. આઠ વિકેટે રન અને કેએલ રાહુલ (૭૦) અને મોહમ્મદ સિરાજ (૦ની જોડી) વિકેટ પર હતા. રાહુલ (KL રાહુલ) વિશે વાત કરીએ તો, તે ભારતીય ઈનિંગ્સમાં અડધી સદી ફટકારનાર એકમાત્ર બેટ્સમેન છે અને તેના મહત્વપૂર્ણ યોગદાનને



કારણે ટીમ ૨૦૦નો આંકડો પાર કરવામાં સફળ રહી છે. ટેસ્ટમાં પ્રથમ વખત વિકેટકીપર તરીકે આવેલા રાહુલે અત્યાર સુધીમાં ૧૦૫ બોલનો સામનો કર્યો છે અને ૧૦ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૭૦ રન બનાવ્યા છે. એક સમયે ૧૨૧ રનમાં ૬ વિકેટ્સ ગુમાવી દીધા બાદ સંઘર્ષ કરી રહેલી ટીમને લોકેશે સહારો પૂરો પાડ્યો હતો. આપી અને પહેલા શાર્દુલ ઠાકુર સાથે સાતમી વિકેટ માટે ૪૩ રન અને પછી બુમરાહ સાથે આઠમી વિકેટ માટે ૨૭ રન જોડ્યા હતા. રાહુલે ટેસ્ટ ક્રિકેટમાં અત્યાર સુધી ૪૭ ટેસ્ટમાં ૨૬૪૨ રન બનાવ્યા છે. ટેસ્ટ ક્રિકેટમાં તેની સાથે 'સાત'નું વિચિત્ર સંયોજન જોડાયેલું છે. ટેસ્ટ ક્રિકેટમાં અત્યાર સુધી તે સાત વખત ૦ પર, સાત વખત ૨ અને સાત વખત ૧૦ રનમાં આઉટ થયો છે.આટલું જ નહીં, ટેસ્ટ ક્રિકેટમાં અત્યાર સુધીમાં તેના નામે સાત સદી નોંધાઈ છે.



નવી દિલ્હીમાં ધુમ્મસ દરમિયાન શિયાળાની ઠંડી સવારે લોકો રસ્તાના કિનારે અગ્નિની પાસે બેઠા નજરે પડે છે.

### કેન્દ્રીય ગૃહ પ્રધાને સો.મીડિયા પર માહિતી આપી

# મુસ્લિમ લીગ જમ્મુ કશ્મીર-મસરત આલમ સંગઠન પર પ્રતિબંધ લગાવાયો



| નવી દિલ્હી, તા.૨૭ |

કેન્દ્ર સરકારે આજે મુસ્લિમ લીગ જમ્મુ કશ્મીર-મસરત આલમ સંગઠન પર પ્રતિબંધ લગાવી દીધો છે. કેન્દ્ર સરકારે આ કાર્યવાહી ગેરકાનૂની પ્રવૃતિઓ નિવારણ અધિનિયમ (યુએપીએ) હેઠળ કરી છે. આ સંગઠન પર આરોપ છે કે તેના સભ્યો જમ્મુ-કાશ્મીરમાં આતંકી ગતિવિધિઓમાં સામેલ હતા અને આતંકી સંગઠનોને સમર્થન આપી રહ્યા હતા. આ અંગેની જાણકારી કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે પોતાના સોશિયલ મીડિયા પર આપી હતી. અમિત શાહે એક્સ (અગાઉનું ટ્વિટર) પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે આ સંગઠન અને તેના સભ્યો જમ્મુ-કાશ્મીરમાં ભારત વિરોધી પ્રવૃતિઓમાં સામેલ છે અને આતંકવાદી પ્રવૃતિઓને સમર્થન આપીને જમ્મુ -કાશ્મીરમાં ઈસ્લામિક શાસન સ્થાપિત કરવા માટે લોકોને ઉશ્કેરે છે. સરકારનો સંદેશ સપષ્ટ છે કે આપણા રાષ્ટ્રની એકતા, સાર્વભૌમત્વ અને અખંડિતતા વિરુદ્ધ કાર્ય કરનારા કોઈપણ વ્યક્તિને છોડવામાં આવશે નહીં.મુસ્લિમ લીગ જમ્મુ કાશ્મીર (મસરત આલમ ગ્રુપ) નું નેતૃત્વ મસરત આલમ ભટ કરે છે. આ સંગઠન તેના રાષ્ટ્રવિરોધી અને પાકિસ્તાનના સમર્થનના પ્રચાર માટે જાણીતું છે અને તે જમ્મુ કાશ્મીરને ભારતથી સ્વતંત્ર કરવા માંગે છે જેથી જમ્મુ કાશ્મીર પાકિસ્તાનમાં ભળી જાય અને કાશ્મીરમાં ઈસ્લામિક શાસન સ્થાપિત થઈ શકે. આ સંગઠનના સભ્યો જમ્મ-કાશ્મીરમાં અલગતાવાદ સંબંધિત પ્રવૃત્તિઓમાં સામેલ છે અને તેમના નેતા સેના પર પથ્થમારો સહિત અનેક આતંકવાદી પ્રવૃતીઓને સમર્થન આપે છે. આ સંગઠન પાકિસ્તાન અને તેના પ્રોક્સી સંગઠનો સહિત વિવિધ સ્ત્રોતોમાંથી નાણા એકત્રિત કરે છે. મસરત આલમ વર્ષ ૨૦૨૦માં ખીણમાં પ્રો-આઝાદી પ્રોટેસ્ટનો મુખ્ય ઓયોજકોમાંનો એક હતો. આ દરમિયાન દેખાવ બાદ આલમની કોઈ અન્ય નેતા સાથે ધરપકડ કરવામાં આવી હતી અને ૨૦૧૫માં મુક્ત કરવામાં આવ્યો હતો. આ પછી જ પીડીપી અને ભાજપ ના ગઠબંધનમાં તિરાડ પડી હતી. આ મુસ્લિમ સંગઠન અને તેના સભ્યો જમ્મુ અને કાશ્મીરમાં ભારત વિરોધી પ્રવૃતિઓમાં સામેલ છે.

### ઓઈલની ખરીદીમાં આત્મનિર્ભરતા તરફ વધતું ભારત

# ભારતે પ્રથમવાર યુએઈ પાસેથી ઓઈલ ખરીદવા રૂપિયાનો ઉપયોગ કર્યો

## ત્રણ સ્તરીય રણનીતિને કારણે અબજો ડોલર બચાવાયા

| નવી દિલ્હી, તા.૨૭ |

ભારતે પ્રથમ વખત સંયુક્ત આરબ અમીરાત પાસેથી તેલ ખરીદવા માટે રૂપિયાનો ઉપયોગ કર્યો હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે. ભારત વિશ્વમાં તેલના વપરાશમાં ત્રીજા ક્રમે છે ત્યારે તે રૂપિયામાં તેલની ખરીદારીને પ્રોત્સાહન આપવા માંગે છે. જેથી તે અન્ય દેશો પાસેથી આ રીતનો સોદો કરી શકે. ભારત કાચા તેલની ખરીદી માટે ત્રણ સ્તરીય રણનીતિ અપનાવી રહ્યું છે. જેમાં જેટલું થઈ શકે એટલું સસ્તું તેલ ખરીદવું, અન્ય તેલ ઉત્પાદક કરતા દેશો પાસે ખરીદવું અને રશિયન તેલ પર લાગેલા ૬૦ ડોલર પ્રતિ બેરલ પ્રાઈસ કેપ જેવા કોઈપણ આંતરરાષ્ટ્રીય પ્રતિબંધનો ભંગ ન કરવું સામેલ છે. ભારતની આ ત્રણ સ્તરીય રણનીતિને કારણે અબજો ડોલર બચાવવામાં મદદ થઈ છે. કેમ કે રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયા બાદ ભારતે રશિયા પાસેથી ખરીદવાનો શરૂ કર્યું હતું જેનાથી વધારે નફો થયો છે. આ સાથે જ ભારત હવે ડોલરની અદલાબદલીમાં થનારા ખર્ચથી બચવા માટે રૂપિયામાં વ્યાપારને



પ્રોત્સાહન આપવા માંગે છે. ભારતે જુલાઈમાં યુએઈ સાથે રૂપિયામાં વ્યાપાર કરવા માટેના કરાર પર સહી કરી હતી. જેના તરત બાદ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશને અબુધાબી નેશનલ ઓઈલ કંપની પાસેથી દસ લાખ બેરલ ક્રૂડ ઓઈલની ખરીદી માટે રૂપિયામાં ચુકવણી કરી હતી. ભારતે રશિયા પાસેથી અમુક જથ્થામાં ક્રૂડ ઓઈલ ખરીદવા માટે પણ રૂપિયાનો ઉપયોગ કર્યો હતો.

જો કે, રશિયા સાથે રૂપિયામાં વેપાર અંગેની વાતચીત આગળ વધી નથી. અધિકારીઓનું કહેવું છે કે યુએસ ડોલરનો ઉપયોગ દાયકાઓથી વિદેશી વેપાર માટે કરવામાં આવે છે, પરંતુ હવે ભારત ડોલરનો ઉપયોગ ઘટાડવા અને ભારતીય રૂપિયામાં વેપારને પ્રોત્સાહન આપવા માંગે છે.

### નવી દિલ્હીમાં ઈઝરાયેલના દૂતાવાસ પાસે વિસ્ફોટ

# યહૂદીઓને દિલ્હીમાં ભીડવાળા સ્થળોએ ન જવા માટેની સલાહ

## યહૂદીઓને ક્યાંક જાય તો તેમની ઓળખ શેર ન કરવા અને સોશિયલ મીડિયા પર તસવીરો પોસ્ટ ન કરવા સલાહ

| નવી દિલ્હી, તા.૨૭ |

નવી દિલ્હીમાં ઈઝરાયેલી દુતાવાસ પાસે થયેલા વિસ્ફોટ બાદ ભારતમાં ઈઝરાયેલે એક એડવાઈઝરી જાહેર કરી છે, જેમાં પોતોના નાગરિકોને જોખમ ટાળવા માટે ચેતવણી આપવામાં આવી છે.

ઈઝારયેલે આ હુમલાને સંભવિત આતંકવાદી હુમલો ગણાવ્યો છે. નવી દિલ્હીમાં ઈઝરાયેલના દુતાવાસ પાસે થયેલા વિસ્ફોટ બાદ ઈઝરાયેલની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદે ભારતમાં પોતાના નાગરિકોને જોખમ ટાળવા માટે ચેતવણી આપતા એક એડવાઈઝરી આપ વામાં આવી છે. આ એડવાઈઝરીમાં યહૂદી નાગરિકોએ મોલ અને બજારો તેમજ ભીડવાળા સ્થળોએ ન જવાની સલાહ આપવામાં આવી છે, આ ઉપરાંત લોકોને રેસ્ટોરાં, હોટલ, પબ અને અન્ય સ્થળો સહિત જાહેર સ્થળોએ સાવચેત રહેવા ચેતવણી આપવામાં આવી છે તેમજ કહેવામાં આવ્યું છે કે જો કોઈ ક્યાંક જાય તો તમારી ઓળખ સામાન્ય લોકો સાથે શેર ન કરો અને સોશિયલ મીડિયા પર તસવીરો પોસ્ટ કરવાનું ટાળો. ઈઝરાયેલ દૂતાવાસના પ્રવક્તાનું કહેવું છે કે દૂતાવાસની નજીક સાંજે લગભગ ૫:૪૮ વાગ્યે વિસ્ફોટ થયો હતો.

દિલ્હી પોલીસ અને સુરક્ષા ટીમ આ મામલે તપાસ કરી રહી છે. દિલ્હીમાં ઈઝરાયેલનું દૂતાવાસ ખૂબ જ હાઈપ્રોફાઈલ વિસ્તાર ચાણક્યપુરીમાં આવેલું છે. આ અત્યંત સંવેદનશીલ વિસ્તારમાં ગઈકાલે વિસ્ફોટ થયો હતો. આસપાસના ઘણા લોકોએ આ વિસ્ફોટનો અવાજ સાંભળ્યો હતો. એક અજાણ્યા વ્યક્તિએ દિલ્હી ફાયર સર્વિસ વિભાગને ફોન કરીને આ વિસ્ફોટ અંગે જાણકારી આપી હતી. માહિતી મળ્યા બાદ દિલ્હી પોલીસ, ડિસ્ટ્રિક્ટ સ્ટાફ, સ્પેશિયલ સેલ, દિલ્હી ફાયર સર્વિસ અને કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓના અધિકારીઓ અને કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. બોમ્બ ડિટેક્શન ડોગ સ્કવોડ અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ પણ ઘટનાસ્થળે તૈનાત કરવામાં આવી હતી.

## તંત્રી લેખ...

# લાલ સાગરમાં એ જહાજોને નિશાનો બનાવવામાં આવ્યાં

ઇઝરાયલ અને હમાસ વચ્ચે ચાલતા યુદ્ધની ઝાળ હવે લાલ સાગર સહિત અન્ય આંતરરાષ્ટ્રીય નૌવહન માર્ગોને પોતાની ઝપટમાં લઈ રહી છે. હાલના દિવસોમાં આપણી સમુદ્રી સીમા નજીક અરબ સાગર તથા લાલ સાગરમાં એ જહાજોને નિશાનો બનાવવામાં આવ્યાં, જે ભારત આવી રહ્યાં હતાં. આ જહાજ ભારતની માલિકીનાં તો નહોતાં, પરંતુ તેમનું સંચાલન ભારતીયોના હાથમાં હતું. યમનના હૂતી આતંકીઓ છેલ્લા કેટલાક સમયથી લાલ સાગરમાંથી પસાર થનારા જહાજો પર ડ્રોન અને મિસાઈલોથી હુમલો કરી રહ્યા છે. ખાસ કરીને એ જહાજો પર જેને લઈને તેમને શંકા છે કે તે કોઈને કોઈ રૂપે ઈઝરાયલ સાથે સંબંધ ધરાવે છે. આ હુમલાથી સમુદ્રી વેપાર પર ઘાતક પ્રભાવ પડી રહ્યો છે. સાથે જ ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલતો સંઘર્ષ આંતરરાષ્ટ્રીય રૂપ લેવાની આશંકા છે. આ ઘટનાક્રમ બાદ અમેરિકાએ લાલ સાગરમાં જહાજોને સુરક્ષા આપવા માટે એક આંતરરાષ્ટ્રીય ટાસ્ક ફોર્સ બનાવી છે. જોકે અરબ દેશોએ ઈઝરાયલને મદદ પહોંચવાની ચિંતામાં આ ટાસ્ક ફોર્સમાં કોઈ રુચિ નથી દેખાડી. તેમને લાગે છે કે આ ટાસ્ક ફોર્સથી ગાઝામાં લડાઈ લડી રહેલા ઈઝરાયલને ફાયદો પહોંચી શકે છે. અમેરિકી રક્ષા વિભાગનું કહેવું છે કે ગુજરાત પાસે અરબ સાગરમાં ચેમ પ્લટો નામના ટેક્રર પર થયેલ હુમલામાં ઈરાનથી છોડવામાં આવેલ ડ્રોનનો ઉપયોગ થયો છે. અસલમાં સઉદી અરબથી આવેલા આ ટેક્રરને ભારતના ન્યૂ મેંગલોર બંદરે પહોંચવાનું હતું. ઈઝરાયલ-હમાસની ટક્કર બાદ ઈરાન સમર્થિત હૂતી વિદ્રોહી આંતરરાષ્ટ્રીય સીમામાં જહાજોને નિશાનો બનાવી રહ્યા છે. ચિંતાની વાત એ છે કે ગુજરાત તટ તથા લાલ સાગરમાં જે સમુદ્રી જહાજો હુમલાના શિકાર થયા, તે બંનેમાં ચાલક દળના સદસ્યો ભારતીય હતા. ચિંતાની વાત એ પણ છે કે સમુદ્રી માર્ગો પર હૂતી આતંકીઓ દ્વારા જહાજો પર મિસાઈલો દાગવામાં આવે છે. સતત થઈ રહેલા ડ્રોન અને મિસાઈલ હુમલાને કારણે કેટલાય સમુદ્રી જહાજો પોતાનો માર્ગ બદલી રહ્યા છે. આ હુમલામાં ઓછામાં ઓછા ડઝનથી વધારે જહાજો પ્રભાવિત થયાં છે. આ સંકટને જોઈને ભારતીય નૌકાદળ પણ એલર્ટ પર છે અને હુમલાનો શિકાર બનેલ ચેમ પ્લૂટો નામના જહાજની મદદ માટે પોતાના જહાજ પણ મોકલ્યા છે. સારી વાત છે કે હુમલામાં કોઈ હતાહત નથી થયું. આ જહાજના ચાલક દળમાં લગભગ વીસ ભારતીયો સામેલ હતા. જ્યારે બીજી તરફ લાલ સાગરમાં ક્રૂડ ઓઈલ ટેક્રરને ડ્રોન હુમલાનો શિકાર બનાવવામાં આવ્યો. જેના ચાલક દળમાં પચીસ ભારતીયો હતા. આ હુમલા દરમ્યાન અમેરિકી નૌકાદળના યુદ્ધજહાજને પહોંચવાથી હૂતીઓનાં ડ્રોનને ખદેડવામાં આવ્યાં. નિશ્ચિતપણે એક ડઝનથી વધુ હુમલા બાદ લાલ સાગરમાં સક્રિય કેટલાય શિપિંગ ગ્રુપોએ આ માર્ગેથી થનારા જહાજોની આવાજાહીને હાલપૂરતી રોકી દીધી છે. આ તરફ અમેરિકા આ હુમલા માટે ખુલ્લેઆમ ઈરાનને દોષીત ગણાવી રહ્યું છે, પરંતુ ઈરાન આ વાતનો ઈનકાર કરી રહ્યું છે. તેની દલીલ છે કે ભલે તે હૂતી આતંકીઓને રાજકીય આશરો આપતું હોય, પરંતુ તેમને હથિયારો નથી આપતું. તેનાથી ઠીક વિપરીત ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડના કમાંડર ચેતવણી આપે છે કે ગાઝામાં ઈઝરાયલના હુમલા ન અટક્યા તો લાલ સાગર ઉપરાંત ભૂમધ્ય સમુદ્ર અને જિબ્રાલ્ટરની ખાડી વગેરે સમુદ્રી માર્ગોને પણ બંધ કરવામાં આવશે. હમાસના હુમલા બાદ ઈઝરાયેલ ગાઝા પર સતત હવાઈ હુમલા કરી રહ્યું છે.

# કુસ્તીમાં પણ સરકારની મુક્કાબાજી ચાલી રહી છે

ખેલ મંત્રાલય દ્વારા હાલમાં જ ચૂંટાયેલા ભારતીય કુસ્તી મહાસંઘને વિખેરી નાખવામાં આવ્યો તેના માટે આ સંસ્થા જ જવાબદાર છે. સમસ્યા માત્ર એ ન હતી કે ભારતીય કુસ્તી મહાસંઘના નવા અધ્યક્ષ સંજય સિંહ મહાસંઘના પૂર્વ અધ્યક્ષ બ્રિજભૂષણ શરણ સિંહના માનીતા હતા, પરંતુ એ પણ હતી કે તેઓ એવી પ્રતીતિ કરાવી રહ્યા હતા કે આ ખેલ સંસ્થા પહેલાંની જેમ જ ચાલશે. તેનું પ્રમાણ એના પરથી મળ્યું કે તેમણે રાષ્ટ્રીય અંડર-૧૫ અને અંડર-૨૦ સ્પર્ધાઓ કરાવવા માટે ગોંડાની પસંદગી કરી, જે બ્રિજભૂષણ સિંહનું ચૂંટણી ક્ષેત્ર છે. આ નિર્ણયથી એ જ સંદેશ ગયો કે નવો ચૂંટાયેલો કુસ્તી મહાસંઘ એ જ રીતે કામ કરશે જેવી રીતે બ્રિજભૂષણ સિંહના સમયે થતું હતું. બ્રિજભૂષણના સંબંધીઓનું ચૂંટાવું એટલા માટે ચિંતાનું કારણ બની ગયું હતું, કારણ કે તેમના પર ગંભીર આરોપ હતા અને તેની તપાસ હજુ ચાલુ છે. તેની પણ અવગણના ન કરી શકાય કે સંજય સિંહની જીતને બ્રિજભૂષણ સિંહે પોતાની જીતી જેમ પ્રચારિત કરી હતી. તેમણે જે રીતે એમ કહ્યં હતું કે આ મહાસંઘમાં તેમનો દબદબો હતો અને રહેશે, તેનાથી એવી આશંકા બેવડાઈ ગઈ હતી કે કુસ્તી મહાસંઘના નવા પદાધિકારી પૂર્વ અધ્યક્ષના પ્રભાવમાં છે. આ બધાને કારણે જ સાક્ષી મલિક અને બજરંગ પૂનિયા વગેરે પહેલવાનોએ પોતાનો વિરોધ પ્રગટ કર્યો. સાક્ષી મલિકે કુસ્તીમાંથી સંન્યાસ લેવાનો નિર્ણય કરી લીધો જ્યારે બજરંગ પૂનિયાએ પોતાનો પદ્મશ્રી એવોર્ડ પાછો આપવાની જાહેરાત કરી. બજરંગ પૂનિયાએ જે રીતે પદ્મશ્રી સન્માન પાછું આપ્યું, તેને યોગ્ય તો ન જ કહી શકાય, પરંતુ એ વાત પણ સાચી કે નવો ચૂંટાયેલો કુસ્તી મહાસંઘ પહેલવાનોની ચિંતાઓનું નિરાકરણ કરવામાં સમર્થ ન દેખાયું. એ સારું થયું કે ખેલ મંત્રાલયે કુસ્તી મહાસંઘને બરતરફ કરતાં ઓલિમ્પિક સંઘને કુસ્તીનું કામ જોવા માટે કહી દીધું. જોકે આ અસ્થાયી વ્યવસ્થા હશે એટલા માટે એ પ્રશ્ન ઊઠવો સ્વાભાવિક છે કે ભારતીય કુસ્તી મહાસંઘનું ભવિષ્ય શું હશે. શું નવેસરથી ચૂંટણી થશે? જો એવું થશે તો આ મહાસંઘથી બ્રિજભૂષણ શરણ સિંહના સંબંધીઓને દૂર રાખવામાં સફળતા મળશે કે નહીં? જે પણ હોય, ખેલ મંત્રાલય અને ભારતીય ઓલિમ્પિક સંઘે એ સુનિશ્ચિત કરવું પડશે કે કુસ્તી મહાસંઘ ન માત્ર પહેલવાનોની ચિંતાઓનું સમાધાન કરવામાં સમર્થ રહે, પરંતુ તેમનો ભરોસો પણ જીતે. છેલ્લા કેટલાક વર્ષોમાં આપણા પહેલવાનોએ એશિયા અને ઓલિમ્પિકમાં જેવું પ્રદર્શન કર્યું છે, તેમાં વધુ બહેતરી સુનિશ્ચિત કરવી જોઈએ. એની સાથે જ એ પણ જોવું જોઈએ કે જે વિભિન્ન ખેલ સંસ્થાઓ છે, તેમાં નેતાઓની દખલ કેવી રીતે ઓછી થાય અને માત્ર એ લોકો જ આ ખેલ સંસ્થાઓના પદાધિકારી બને જે રમતોને ઉત્તેજન આપવામાં સહાયક થઈ શકે. એક એવા સમયે જ્યારે ભારત રમતોમાં મોટી તાકાત બની રહ્યું છે, ત્યારે એ ઠીક નથી કે ખેલ સંસ્થાઓનું સંચાલન એ રીતે થાય જેમ કુસ્તી મહાસંઘના પદાધિકારી છેલ્લા કેટલાક સમયથી કરી રહ્યા હતા. કેન્દ્રીય રમત મંત્રાલયે જે રીતે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાને સસ્પેન્ડ કર્યું છે તે દર્શાવે છે કે આ મુદ્દે ચાલી રહેલા ઝઘડા વચ્ચે કેવી રીતે અરાજકતાનું વાતાવરણ સર્જાઈ રહ્યું હતું અને આ અંગે સરકારના ઠંડા ઉદાસીન વલણ પર સવાલો ઊભા થઈ રહ્યા હતા.

# રઘુપતિ રાઘવ રાજારામ...સીતારામ પ્રાર્થના થકી રામરાજ્યની નીવ મુકીને વસુધૈવ કુટુંબકમના કલ્યાણકારક ભાવનું ભજન કરીએ



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સાધના, આરાધના, ઉપાસના, એ બધી ક્રિયા જીવ પોતે પોતાની આધ્યાત્મિક ક્ષમતા વધારવા અને જીવ પણું ઓછું કરવા માટે કોશિશ કરે છે. પ્રકૃતિની કે ઈશ્વર તત્વની નજીકમાં નજીક જઈ તેને જોવા જાણવા કે માણવા માટે આ ત્રણ સ્તરે માનવી ઉપર ઉઠતો હોય છે. પરંતુ પ્રાર્થના એક એવું માધ્યમ છે કે, જેમાં આપણે જ્યાં અને જેવા છીએ તેવા રહીને જ ઈશ્વરને પોકારવાનો છે. પરંતુ શરત માત્ર એટલી જ છે કે, એમાં આપણે એકલા માટે કંઈ જ માગવાનું નથી, ટૂંકમાં માંગણી હોય તો પણ એ સાર્વજનિક હોવી જોઈએ. પ્રાર્થના શબ્દ બોલવાથી જ અંતરના ભાવ સ્વચ્છ થવા લાગે છે, અને એ આપણને પાછા નાનપણના એ વર્ગખંડમાં લઈ જાય છે, જ્યાં નિર્દોષતા અને નિખાલસતાનો ભાવ મુખ્ય હતો, એ સમયે બોલાતી એ પ્રાર્થનાનો ભાવ કદાચ આપણે એટલી સારી રીતે ગ્રહણ કરી શકતા નહોતા, અને ક્યારેક ક્યારેક વચ્ચે એક આંખ ખોલીને બીજું કોઈ શું કરે છે? એ જોઈ પણ લેતા હશું! પણ મોટે ભાગે ત્યારે, હે ઈશ્વર તું મને એકલાને જ આ બધું આપજે, એવો ભાવ ન્હોતો આવતો! એ વાત તો પાકી. હાં કદાચ પરીક્ષામાં પાસ થવા વખતે મને સૌથી સારા માર્કસ આવે અથવા તો પેલા કરતાં વધુ આવે, એવું ક્યારેક વિચાર્યું હોય, પણ એનાથી વધુ તો નહીં જ, અને એ દેશ કાળ પ્રમાણે તો નહીં જ. હમણાં જ દશેરાનો તહેવાર ગયો અને સૌ કોઈએ રાવણ દહન જોયું, હવે રામરાજ્ય થશે, એવી સૌ કોઈની ઝંખના પણ રહી! પરંતુ એની તીવ્રતા ઓછી છે, એને કારણે એ થઈ શકતું નથી. ઘેર આજે આપણે એ વિશે વાત નથી કરવાની. પરંતુ આઝાદીના ૭૫ વર્ષ પહેલાં આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ રામરાજ્યનું સ્વપ્ન જોયું હતું, અને એને લઈને એમણે રઘુપતિ રાઘવના ગુણ દરેકમાં અંકિત થાય, એટલે એ ભજન ધૂન કે જેનો તે પ્રાર્થનામાં સમાવેશ કરતા હતાં.

**રઘુપતિ રાઘવ રાજારામ**
**પતિત પાવન સીતારામ**
**સીતારામ સીતારામ**
**ભજ પ્યારે તું સીતારામ**
**રઘુપતિ રાઘવ રાજા....**
**ઇશ્વર અલ્લા તેરે નામ**
**સબકો સન્મતિ દે ભગવાન**
**મંદિર-મસ્જિદ તેરે ધામ**
**સબકો દર્શન દે ભગવાન**
**રઘુપતિ રાઘવ રાજા....**
**રાત્રે નિંદરા દિવસે કામ**
**ક્યારે ભજશો શ્રીભગવાન ?**
**હાથ થી કરશું ઘરનાં કામ**
**મુખ થી બોલશું શ્રી ભગવાન**
**રઘુપતિ રાઘવ રાજા ...**

આજથી ૭૫ વર્ષ પહેલાં જેણે આપણા સૌના જીવનમાં ખુશાલી રહે, એ માટે રામરાજ્યનું સ્વપ્ન જોયું હતું એને પણ લોકો ભૂલી ગયા છે, અથવા તો અલગ રીતે નિંદા કરીને યાદ કરી રહ્યા છે, ત્યારે રામ રાવણની તો શું વાત કરવી! અને દશેરાને દિવસે તો આપણે વાત કરી જ હતી, કે સમયનો આજનો સંદર્ભ જોતા રાવણ પણ પ્રમાણમાં ઘણો સજ્જન હતો, એવું સ્પષ્ટ પણે કહી શકાય. પરંતુ આ ધૂન પ્રાર્થનામાં રઘુપતિ રાઘવ એટલે કે નામ સ્મરણનો મહિમા ગવાયો છે. ભારત એક બિન સાંપ્રદાયિક દેશ હોવાથી અહીં તમામ ધર્મના લોકો વસે છે, અને દરેકની તેના ઈશ્વર પ્રત્યેની નિષ્ઠા ઓછી ન થાય, એટલે મંદિર મસ્જિદ તેરે ધામ એમ કહી બંને જગ્યાને આદર આપવો, અને દરેકે પોતાના ઈશ્વરને ત્યાં અનુભવો કે દર્શન થશે એવો ભાવ લઈ ને જવું, એવી વાત પણ કરી છે. જે કંઈ ખેલ છે એ બુદ્ધિના જ ખેલ છે, અને કુબુદ્ધિ કે દુર્બુદ્ધિ થાય ત્યારે સર્વનાશને નોતરે છે, માટે આપણી બુદ્ધિમાં સદભાવ રહે એ માટે નિરંતર હરી સ્મરણ કરતા રહેવું જોઈએ. પરંતુ નામ સ્મરણનો અર્થ કોઈ એક જગ્યાએ બેસીને માળાઓ કરવી એવો અર્થ ન કાઢે! કે પછી કોઈ સમય નથી મળતો એવું બહાનું ન કાઢે, એટલે જ દરેક પ્રકારના ઘરનાં કે બહારનાં કામ કરતાં કરતાં મુખથી હરિ નામનું સ્મરણ કરવાનો ઉપદેશ અહીં સ્પષ્ટ લખ્યું છે.

પુરુષાર્થ કે પરિશ્રમ એ બંને પારસમણી છે, અને તમારા પરિવારની આજીવિકા માટે કોઈપણ કામ નાનું નથી, એને પુરાં હૃદયથી અપનાવીને કરવું તો એ પણ ઈશ્વર નજીક લઈ જનારુ સાધન બનશે, એવું મહાત્મા ગાંધીજી સ્પષ્ટ પણે માનતા હતા. એ પોતાનું દરેક કામ પોતે જ કરતાં હતાં અને સ્વાવલંબી તેમજ સ્વચ્છતાના આગ્રહી હતાં. આજે આ પ્રાર્થનાને યાદ કરવાનું કારણ એ જ છે કે બધાં ને આયોધ્યામાં રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા થશે અને રામરાજ્ય થશે એવી એક આશા છે. કારણ કે આજે વિશ્વ આખું કેટકેટલી સમસ્યાઓથી ઘેરાયેલું છે, અને છતાં દરેક દેશને પોતાની મહત્તા સાબિત કરવા માટે વિકાસની આંધળી દોડમાં દોડવું છે, પર્યાવરણના પ્રશ્નો છે, વધતી જતી વસ્તીને કારણે એમના ખોરાક પાણી અને રહેઠાણનાં પ્રશ્નો છે, તદુપરાંત આરોગ્ય પણ જેમ ક્રાંતિ કરે છે, એમ રોગ પણ નવાં નવાં અસ્તિત્વમાં આવતા જાય છે. જો કોઈ એક બે મુદા પર વિશ્વ આખું સંમત થાય તો, પરિસ્થિતિને હજી પણ પહોંચી શકાય. પરંતુ એની માટે દરેક દેશે વસુદેવ કુટુંબની ભાવના મનમાં સ્થિર કરવી પડે, એટલે કે જગત આખાનાં કલ્યાણ માટે જ્યારે વિચારવામાં આવશે, ત્યારે એમાં કંઈક પરિણામ મળશે, અને આવો શુદ્ધ સંકલ્પ લઈને દર વર્ષે જી૨૦ નું આયોજન પણ થઈ રહ્યું છે, એક આવકારવા લાયક બાબત છે. આમ પણ માનવી હું કરું! નો મોરચો લઈને ગમે તેટલું દોડે એને હાથ કહી આવવાનું નથી, અંતે તો સર્વ શક્તિમાન એ પરમ કૃપાળુ પરમાત્માએ જે વિચાર્યું હશે એ જ થશે, પરંતુ આપણા અને એના વિચારોમાં સામ્યતા રહે, એવાં સૌના કલ્યાણના વિચારો આપણા મનમાં હોવા જોઈએ, અને એ ભાવ આપણે પ્રાર્થના દ્વારા હૃદયસ્થ કરીશું.

ઘણીવાર એવો વિચાર આવે કે નાના હતાં ત્યારે પ્રાર્થના વખતે જે નિખાલસતા આવતી એ હવે નથી આવતી કારણ કે જવાબદારીઓનો ભાર ખભા પર વધી ગયો છે, અને એ અમુક અંશે સાચું પણ છે પરંતુ બીજી રીતે વિચારીએ તો પરિવારની જરૂરિયાતોને પૂરી કરવી એને આપણે જવાબદારી કહેતા હોઈએ છીએ!: તો શું એવું નથી લાગતું કે આપણે જરૂરિયાતો જ એટલી બધી વધારી દીધી છે કે, એને કારણે જ આપણા ખભા નમી રહ્યા છે. વધતી જતી મોંઘવારી તેમજ અન્ય વિકટ પરિસ્થિતિઓનો સામનો કરવા માટે ગાંધીજી જેવું લિવિંગ વિથ લેસ નું સૂત્ર અપનાવવું જોઈએ! બીજાને તો આપણે ન કહી શકીએ કે, કદાચ ન સમજાવી શકીએ, પરંતુ આપણાથી જ શરૂઆત કરીએ, અને ઓછામાં ઓછી જરૂરિયાતને જીવનમાં પ્રાધાન્ય આપીએ, તો બીજું કંઈ થાય કે ન થાય! પરંતુ દિવસે ને દિવસે વિકટ થતી જતી પરિસ્થિતિમાં આપણે આપણું અસ્તિત્વ જરૂર ટકાવી શકીશું.

પ્રસન્નતા મેળવવાના અને આનંદ મેળવવાના જિંદગીમાં કેટલા પ્રયત્નો કર્યા, પરંતુ એમાં ધારી સફળતા મળતી નથી, એનું કારણ કદાચ આપણી વધુ પડતી અપેક્ષાઓ કે જરૂરિયાત હોઈ શકે એવું વિચારીને, આપણે સૌ આ વૈશ્વિક શાંતિનાં પ્રશ્ને એક થઈ, અને એકબીજાની ખુશી એકબીજાની પ્રસન્નતા કે એકબીજાના આનંદ ક્યારા માટેનું વિચારી શકીએ એવી એક અન્ય પ્રાર્થના ઈશ્વર ચણી રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# જ્ઞાનના ભાનમાંથી માત્ર અભિમાન પેદા થાય છે, તે જ કારણોસર ભક્ત હંમેશા દીન જ રહે



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા





જીવ જ્યારે ઈશ્વર સાથે અતિશય પ્રેમ કરે છે, ત્યારે ઈશ્વર પોતાનું અસલી સ્વરૂપ બતાવે છે. મનુષ્ય પોતાની ઘરની તિજોરીમાં શું છે તે કોઈને બતાવશે નહીં, પણ જેની સાથે અતિશય પ્રેમ હોય તેને બધી હકીકત કહેશે. એને તિજોરીની અંદરની વસ્તુઓ બતાવશે, તેવી રીતે પરમાત્મા સાથે જે પ્રેમ કરે છે, તેને પરમાત્મા પોતાનું અસલી સ્વરૂપ બતાવે છે. એ સ્વરૂપનાં દર્શન કરે બ્રહ્મદૃષ્ટિ આવતી નથી. ભક્તિને જ્ઞાનનો સાથ ન હોય તો ઈશ્વરના વ્યાપક સ્વરૂપનો અનુભવ થતો નથી. ઈશ્વર એવી વસ્તુ નથીકે એક ઠેકાણે રહે. એક જ ઠેકાણે ઈશ્વરને નિહાળે તે અધમ વૈષ્ણવ છે.પણ જ્યાં નજર જાય ત્યાં ઈશ્વર દેખાય તે મહાન વૈષ્ણવ છે.ભક્તિ જ્ઞાન વૈરાગ્ય વગરની હશે,તો તેથી ઈશ્વરનાં દર્શન એકમાં જ થશે, સર્વત્ર નહીં થાય. એકલી ભક્તિથી ભગવાન ઘરના ગોખલામાં જ ઠાકોરજીની મૂર્તિ હશે તેમાં દેખાશે. પરંતુ તેને જો જ્ઞાનો સાથ મળે તો ભગવાન સર્વત્ર દેખાશે. ઉદ્ધવજીનું તત્ત્વજ્ઞાન અને ગોપીઓની પ્રેમલક્ષણા ભક્તિ ખૂબ મહત્ત્વનાં છે. પરંતુ તેનો સમન્વય થાય તો ઉત્તમ. ઉદ્ધવજીની નિષ્ઠા જ્ઞાનમાં છે. ગોપીઓની નિષ્ઠા પ્રેમમાં છે. શ્રીકૃષ્ણપ્રેમ વિનાનું જ્ઞાન શુષ્ક છે. જ્ઞાન ખરું પણ ઈશ્વર સાથે પ્રેમ ન કરે ત્યાં સુધી જ્ઞાન સફળ થતું નથી. પરમાત્માનું જ્ઞાન થયા પછી પણ પરમાત્મા સાથે પ્રેમ ન કરે તો પરમાત્માનો અનુભવ થતો નથી. જ્ઞાન મેળવ્યા પછી પણ પરમાત્મા સાથે પ્રેમ કરવો પડશે. ગોપીઓ પ્રેમની ધ્વજા છે.ઉદ્ધવ જ્ઞાનનીમૂર્તિ છે. જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય ત્રણે ભેગા થયા પછી પરમાત્માનો અનુભવ થશે. આ ત્રણમાંથી એક પણ ન્યૂન હોય તો પછી પરમાત્મા નો સાક્ષાત્કાર થશે નહીં.ઉદ્ધવ જ્ઞાની છે, પરંતુ તેનામાં ભક્તિ નથી. તેનું હૃદય શુષ્ક છે અને જે શુષ્ક છે તેમાં કોમળતા ક્યાંથી હોય? એટલે ભક્તિ સાથે જ્ઞાન આવે તો જ અલૌકિક આનંદ પ્રગટ થાય છે. જ્ઞાન સાથે ભક્તિ હશે તો જ હૃદયની શુષ્કતા જશે.

જ્ઞાનની વાતો કરવાની હોય નહીં, પરંતુ જ્ઞાનનો અનુભવ કરવાનો હોય છે. જ્ઞાનીમાં જ્ઞાનનું અભિમાન કોઈક વખત રહી જાય છે.જ્ઞાનના ભાન માંથી અભિમાન પેદા થાય છે, ત્યારે ભક્ત હંમેશા દીન જ રહે છે. દીનતાના સિંહાસન ઉપર ભક્ત વિરાજે છે. ભક્ત માને છે, હું દુનિયાનો સેવક છું. ભગવાન મારા સ્વામી છે. આખી સૃષ્ટિ મારા વાસુદેવમય છે. બધું જ વાસુદેવ છે. બધું જ ભગવાનનું સ્વરૂપ છે. ગોપીની ભક્તિ જ્ઞાનોત્તર છે. ઉદ્ધવજી જાણતા ન હતા કે, જ્ઞાનોત્તર ભક્તિ પણ હોઈ શકે તેઓ તો માનતા હતા કે જ્ઞાન જ સર્વસ્વ છે. તેથી ઉદ્ધવજીને પ્રેમ લક્ષણા ભક્તિનું ભાન કરાવવા શ્રીકૃષ્ણે તેમને વ્રજમાં મોકલ્યા છે. શ્રીકૃષ્ણે વિચાર્યું કે, ગોપીઓને જ્ઞાનનો અનુભવ થાય, તો તેઓને દુઃખાદિ વિકાર ત્રાસ આપે નહીં અને ઉદ્ધવના જ્ઞાનને ગોપીઓ પ્રેમલક્ષણાભક્તિનો પુટ મળે તો તેનું જ્ઞાન સફળ થાય. જ્ઞાની થયા પછી હૈયું ન પીગળે તો એ જ્ઞાન શું કામનું? ઉદ્ધવના જ્ઞાનમાં થોડું અભિમાન પણ છે. એટલે ઉદ્ધવને ગોપીઓનો સત્સંગ થાય તો ઉદ્ધવ નું જ્ઞાનાભિમાન ઊતરી જાય અને તેનું કલ્યાણ થાય.ગોપી ઓને ઉદ્ધવના જ્ઞાનનો સાથ મળે તે તેમને મારા વિયોગનું દુઃખ થશે નહીં. ગોપીઓને પણઅનુભવ થશે કે હું શ્રીકૃષ્ણ તેની પાસે છું. ગોપી ઓનું કલ્યાણ કરવું છે અને ઉદ્ધવ જીનું પણ કલ્યાણ કરવું છે. ગુરુકુળમાં અધ્યયનથી સમાપ્તિ પછી શ્રીકૃષ્ણ મથુરા આવ્યા છે. ઉગ્રસેને વિચાર કર્યો કે, પ્રભુએ મને માન આપ્યું.ગાદી આપી એટલે હું નામનો રાજા છું. ખરા રાજા શ્રીકૃષ્ણ છે, એટલે વિવેકી ઉગ્રસેને સર્વ સંપત્તિ શ્રી કૃષ્ણનાં ચરણમાં અર્પણ કરી. શ્રીકૃષ્ણ માટે મથુરાના રાજમહેલ માં રોજ છપ્પન ભોગની સામગ્રી થાય છે. હવે શ્રીકૃષ્ણ ગોપાળ નથી હવે ગોકુળની લીલા પૂરી થઈ છે.

હવે શ્રીકૃષ્ણ મથુરા નાથ છે. મથુરા માં ઐશ્વર્ય પ્રધાન છે.ગોકુળમાં પ્રેમ પ્રધાન છે.મથુરામાં અનેક દાસ- દાસીઓ છે. ઉદ્ધવજી શ્રીઅંગની સેવા કરે છે.સર્વ પ્રકારે સુખ છે. સર્વ પ્રકારનું સુખ છતાં શ્રીકૃષ્ણ વ્રજવાસીના પ્રેમને ભૂલ્યા નથી. આ અલૌકિક ઐશ્વર્યમાં,અતિશય સંપત્તિમાં ભગવાન ગોપીઓના પ્રેમને ભૂલ્યા નથી. રોજ સાંજે મથુરાના રાજમહેલની અગાસીમાં બેસી ગોકુળની ઝાંખી કરે છે અને વિચારે છે કે, મારી મા આંગણામાં બેઠી મારી પ્રતીક્ષા કરે છે. મથુરાના માર્ગ પર મીટ માંડી નિહાળે છે. મા વિચારે છે કે, મને લાલાએ કહ્યું છે કે, આવીશ, તેથી મા મારી રાહ જોયા કરે છે. મારી વહાલી ગાયો મથુરા તરફ મુખ રાખી હાંભા હાંભા કરે છે! મારા નંદબાબા યાદ કરે છે! શ્રીકૃષ્ણ આ પ્રમાણે સર્વનું સ્મરણ કરે ત્યારે એમનું હૃદય ભરાઈ આવે છે અને એક એકનું સ્મરણ કરતાં આંખોમાંથી આંસુ નીકળે છે. મથુરામાં ઐશ્વર્ય તો છે, પણ પ્રેમ નથી. ઈશ્વર સદા પ્રેમનો ભૂખ્યો છે. એ જીવ પાસેથી માત્ર પ્રેમની જ અપેક્ષા રાખે છે.જીવ ઈશ્વરનું સ્મરણ કરે તે સામાન્ય ભક્તિ. પણ જેનું સ્મરણ પરમાત્મા કરે તે ભક્ત સાચો,તેની ભક્તિ સાચી.

તે ભક્તિ શ્રેષ્ઠ. ઉદ્ધવને થયું કે, શ્રીકૃષ્ણ એકાંતમાં બેસે છે ત્યારે રડે છે. ઉદ્ધવે વિચાર કર્યો, સુવર્ણ ના રાજમહેલમાં અનેક સેવકો એમની સેવામાં હાજર છે. એમના માટે રોજ છપ્પન ભોગની સામગ્રી થાય છે. કેટકેટલું આશ્ચર્ય છે! અમે બુદ્ધિ પ્રમાણે એમની સેવા કરીએ છીએ.છતાં એ ઉદાસ કેમ લાગે છે?અમે સેવા બરાબર કરી એ છીએ પણ અમારી સેવાથી એમને સુખ થતું નથી. આનું કારણ શું? એવું શું છે જે એને શોકગ્રસ્ત કરે છે? સેવક સુખ ભોગવવાની ઈચ્છા કરે તો તે બરાબર સેવા કરી શકતો નથી. સેવા તે કરી શકે છે જે આત્મ સુખનો ભોગ આપે છે. પોતાના સુખ માટે ભક્ત ઠાકોરજી જરાપણ પરિશ્રમ નહીં આપે. ગોપીની ભક્તિ જ્ઞાનોત્તર છે. તેથી ઉદ્ધવજીને પ્રેમ લક્ષણા ભક્તિનું ભાન કરાવવા શ્રીકૃષ્ણે તેમને વ્રજમાં મોકલ્યા છે. પોતાના ઉપર દુઃખ આવે તો માનશે કે, એ મારા પાપનું ફળ છે. તે મારે ભોગવવું છે. એ ભગવાનને પ્રાર્થના નહીં કરે કે મારું દુઃખ દૂર કરો. પોતાના દુઃખ માટે ઠાકોરજીને તો કંઈ ખામી નથીને?હું મારા સુખ નો વધારે વિચાર કરું છું અને પ્રભુ ના સુખનો ઓછો વિચાર કરું છું. એવું તો નથી ને? માગશર માસ આદ્રા નક્ષત્રમાં ઠંડીની જમાવટ થતી નથી.ખેડૂતો ધરતી પુત્રો મુઝવણ છે ઘડી વાદળાં તો અંબાલાલ પટેલની માવઠાની આગાહી શું થશે? આ બધા વચ્ચે આપણે ડોંગરેજી મહારાજનો ભગવદ્ ગીતા જ્ઞાનનો સંદેશ ઘર ઘર સુધી સુપ્રભાતરૂપે પીરસી રહ્યા છીએ. સૌનું કલ્યાણ થાઓ.



# બ્લેક સાડીમાં સચિન તેંડુલકરની લાડલી સારાએ આપ્યા હોટ પોઝ

## સારાએ ઓરહાન અવાત્રામણિની સાથે ફોટો ક્લિક કરાવ્યો છે સારા તેંડુલકરે એના મિત્રો સાથે પોઝ આપ્યા છે

ભારતીય ક્રિકેટ ટીમના દિગ્ગજ ખેલાડી સચિન તેંડુલકરની દીકરી સારા તેંડુલકર સોશિયલ મિડીયામાં ખૂબ એક્ટિવ રહે છે. સારા તેંડુલકર ગ્લેમરસ તસવીરો ફેન્સ માટે હંમેશા શેર કરતી રહેતી હોય છે. હાલમાં સારા તેંડુલકરે એના મિત્રોની સાથે પાર્ટી કરી અને આની ઝલક સોશિયલ મિડીયામાં જોવા મળી છે. પાર્ટી દરમિયાન સારા તેંડુલકરે મિત્રોની સાથે મન ભરીને મસ્તી કરી છે. પાર્ટીમાં સારા તેંડુલકરના લુક પર લોકોની નજર ટકી ગઈ છે. બ્લેક સાડીમાં સારા તેંડુલકર હોટ લાગી રહી છે. સારા તેંડુલકર એના નજીકના મિત્રો સાથે ડિસેમ્બર પાર્ટીમાં જોવા મળી. સારા તેંડુલકર ફરી એક વાર મિત્રોની સાથે મસ્તી કરી અને તસવીરો વાયરલ થઈ ગઈ. આ તસવીરોમાં તમે જોઈ શકો છો કે સારાએ બ્લેક કલરની સાડી પહેરી છે. બ્લેક સાડીમાં સારા હોટ લાગી રહી છે. સારા તેંડુલકરે એના મિત્રો સાથે પોઝ આપ્યા છે. સારાએ ઓરહાન અવાત્રામણિની સાથે ફોટો ક્લિક કરાવ્યો છે. આગવા અંદાજમાં ફેન્સની સાથે મસ્તી કરીને પોઝ આપ્યા છે. સારાની ફેશન અને ડ્રેસિંગ સેન્સને જોઈને ફેન્સ એના પર ફિદા થઈ ગયા છે. સારા તેંડુલકરે એના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટની સ્ટોરીથી મિત્રો સાથે તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં સારાનો લુક મસ્ત લાગી રહ્યો છે. સારા તેંડુલકરના ફેન્સ ફોલોઈંગ ઘણાં વધારે છે. સારાની ખૂબસુરતી એના ફેન્સની સામે ટક્કર આપે છે. સારાની આ તસવીરો તમે પણ એક વાર જોશો તો વારંવાર જોવાનું મન થશે. સારાએ પોતાનો લુક કમ્પ્લીટ કરવા માટે ગળામાં કોઈ પણ જ્વેલરી પહેરી નથી. લોન્ગ ઈયરરિંગ્સ પહેરીને સારાએ પોતાનો લુક કમ્પ્લીટ કર્યો છે. સારા ડિપ નેકનો બ્લાઉઝ પહેર્યો છે. આ ડિપ નેક સારાની હોટનેસમાં વધારો કરે છે. આમ વાત કરવામાં આવે તો સારા તેંડુલકર અવારનવાર ફેન્સ માટે તસવીરો શેર કરતી રહેતી હોય છે. સારા તેંડુલકરની તસવીરો ફેન્સને ખૂબ પસંદ પડતી હોય છે. સારા તેંડુલકર કોઈ પણ તસવીર શેર કરે તો એમાં ફેન્સ જાતજાતની કોમેન્ટ્સ કરતા હોય છે. જો કે હાલમાં સારાની આ તસવીરો જોઈને ફેન્સ ફિદા થઈ ગયા છે.



# સુકીર્તિ કાંડપાલે બિકીની લુકમાં ઇન્ટરનેટ પર લગાવી આગ

## ટીવી સિરીયલ અનુપમામાં સુકીર્તિ કાંડપાલની એન્ટ્રી થઇ ગઇ છે, આ શોમાં સુકીર્તિ નવી ઓળખ બનાવીને દર્શકોનું દિલ જીતશે



ટીવીની ટોપ સિરીયલ અનુપમાને પાંચ વર્ષના લીપ પછી અનેક નવા એક્ટર્સની એન્ટ્રી થતી રહેતી હોય છે. શોમાં રૂપાલી ગાંગુલી અનુપમાનો રોલ નિભાવી રહી છે જેને કોઈ બીજી સિરીયલ ટક્કર આપી શકતી નથી. શોમાં અનુપમાની જોડી સુપર હિટ છે. આમ વાત કરવામાં આવે તો અનુપમા આજે અનેક લોકોના દિલમાં રાજ કરે છે. પરંતુ આ જોડી વચ્ચે હાલમાં એક ત્રીજી એન્ટ્રી થવાની છે. અનુપમા સિરીયલમાં જલદી સુકીર્તિ કાંડપાલ જલદી નજરે પડશે. જે સિરીયલમાં અનુજની નવી લવર હશે. સુકીર્તિ રિયલ લાઈફમાં ખૂબ બોલ્ડ અને ગ્લેમરસ છે. અનુપમા લીપ પછી સુકીર્તિ કાંડપાલ એક મહત્વના રોલમાં જોવા મળશે. સુકીર્તિ પોતાના કરિયરમાં અનુજ એટલે કે ગૌરવ ખન્નાની આસપાસ નજર આવશે. આમ, તમે અનુપમા સિરીયલ જુઓ છો તો આ ખાસ ખબર અને તસવીરો તમારા માટે છે. અનુપમાના પ્રોમોમાં સુકીર્તિ કાંડપાલની પહેલી ઝલક જોવા મળી ગઈ છે. શોમાં એનો રોલ પોઝિટિવ લાગી રહ્યો છે, પરંતુ અનુજના પ્રેમમાં એ ક્યારે પણ નેગેટિવ થઈ શકે છે. સુર્કીતિ કાંડપાલે પોતાના કરિયરની શરૂઆત વર્ષ ૨૦૦૭માં કરી હતી. સિરીયલ દિલ મિલ ગએમાં પહેલી વાર લીડ રોલમાં જોવા મળી હતી. ત્યારબાદ પ્યાર કી યે એક કહાની દિલ્હી વાલી ઠાકુર ગર્લ્સ જેવા શોમાં જોવા મળી છે. સુકીર્તિ કાંડપાલની અસલી ઓળખ સિરીયલ પ્યાર કી એક કહાનીથી મળી. આ શોમાં સુકીર્તિ વિવિયન ડીસેના સંગ રોમાન્સ કરતી જોવા મળી. શો વેમ્પાયરની કહાની પર હતો જેના કારણે દર્શકોને ખૂબ પસંદ પડ્યો. આ શો એક સમયે લોકો માટે ફેવરિટ બની ગયો હતો. સુકીર્તિ કાંડપાલ ટીવી પર હંમેશા સિમ્પલ અને સ્વીટ છોકરીનો રોલ નિભાવ્યો છે, પરંતુ રિયલ જીંદગીમાં એ ખૂબ બોલ્ડ છે. સુકીર્તિની દરેક તસવીર ઈન્ટરનેટ પર ધૂમ મચાવે છે. જો કે ફેન્સ સુકીર્તિનો બોલ્ડ લુક જોઈને અનેક ટાઈપ્સની કોમેન્ટ્સ કરતા હોય છે. સુકીર્તિ કાંડપાલે ઈન્સ્ટાગ્રામ પર બહુ બધી બિકીની તસવીરો શેર કરી છે જેમાં એનો બોલ્ડ લુક જોવા મળે છે. બિકીનીમાં એક્ટ્રેસ હંમેશા એકથી એક બોલ્ડ પોઝ આપતી હોય છે. આ સાથે એક્ટ્રેસ રિલ્સ પણ બનાવીને પોસ્ટ કરતી હોય છે.

# નયનતારા અને વિગ્નેશએ પરિવાર સાથે સેલિબ્રેટ કરી ક્રિસમસ





ક્રિસમસની ઉજવણી ધૂમધામપૂર્વક કરવામાં આવી હતી. ફિલ્મ સ્ટાર્સ પણ ક્રિસમસના રંગોમાં રંગાયેલા જોવા મળ્યા હતા. અભિનેત્રી નયનતારાએ પણ પોતાના પરિવાર સાથે આ તહેવાર ખૂબ જ ધામધૂમથી ઉજવ્યો હતો. નયનતારાએ સોશિયલ મીડિયા પર ક્રિસમસ સેલિબ્રેશનની ઘણી તસવીરો શેર કરી છે, જેમાં તે તેના બાળકો ઉઈર-ઉલાગ અને પતિ વિગ્નેશ શિવન સાથે તહેવારનો આનંદ માણતી જોવા મળે છે. આ દરમિયાન ઉઈર અને ઉલાગ લાલ રંગના કપડામાં મમ્મી-પપ્પા સાથે જોવા મળ્યા હતા. એક તસવીરમાં વિગ્નેશ તેના એક પુત્રની ટોપી ખેંચી રહ્યો છે, જ્યારે નયનતારા તેના બીજા પુત્રને ખોળામાં લઈને હસતી જોવા મળે છે. પોતાના પરિવારની તસવીરો શેર કરતી વખતે નયનતારાએ કેપ્શનમાં લખ્યું છે કે પ્રેમ અને પ્રાર્થનામાં વિશ્વાસ રાખનારા તમામ લોકોને ક્રિસમસની શુભેચ્છા. તમે પણ બાળકો સાથે તહેવારની ઉજવણીની ખુશી તેમના ચહેરા પર જોઈ શકો છો. ગયા વર્ષે ઓક્ટોબરમાં નયનતારાએ સરોગસીની મદદથી જોડિયા બાળકોનું પોતાના ઘરમાં સ્વાગત કર્યું હતું.







# ૫૮ વર્ષે મિસ્ટર બજાજ(રોનિય રોય) બીજી વાર બન્યા વરરાજા

## રોનિતે ૨૦મી એનિવર્સરીના ખાસ દિવસે પત્ની સાથે સાત ફેરા લીધા છે, એક્ટરે સોશિયલ મિડીયામાં આ વિશે જાણકારી આપી છે

બોલિવૂડ અને ટીવીની દુનિયામાં પોતાની એક્ટિંગથી અલગ ઓળખ બનાવનાર રોનિય રોયને કોણ ઓળખતુ નથી. એક્ટરે એના લુક્સ અને દમદાર એક્ટિંગથી ફેન્સનું દિલ જીતી લીધુ છે. હાલમાં એક્ટર પોતાની પર્સનલ લાઈફને લઈને ચર્ચામાં છે. જો કે અરબાઝ ખાન પછી રોનિત રોયના લગ્નની તસવીરો અને વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ થઈ રહ્યા છે. તો જાણો રોનિત રોયે બીજી વાર કોની સાથે લગ્ન કર્યા? રોનિત રોયે જેની સાથે બીજી વાર લગ્ન કર્યા છે એ બીજુ કોઈ નહીં, પરંતુ એમની પત્ની નીલમ બોસ રોય છે. નીલમ બોસ રોય સાથે રોનિત રોયે ફરી લગ્ન કર્યા છે. વાત જાણે એમ છે કે રોનિતે ૨૦મી એનિવર્સરીના ખાસ દિવસે પત્ની સાથે સાત ફેરા લીધા છે. એક્ટરે સોશિયલ મિડીયામાં આ વિશે જાણકારી આપી છે. હાલમાં રોનિત રોયની આ તસવીરો ખૂબ વાયરલ થઈ રહી છે. આ તસવીરો જોઈને ફેન્સ ખુશ થઈ ગયા છે. રોનિતે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર લગ્નના કેટલાક વિડીયો શેર કર્યા છે.

આ વિડીયો અને તસવીરોમાં ૨૦ વર્ષ પછી ફરીથી લગ્ન કરીને સાત વચનો આપતા નજરે પડી રહ્યા છે. લગ્ન દરમિયાન રોનિત રોયની પત્ની નીલમે લાલ રંગની સાડી પહેરી છે અને સાથે ઘરેણાં પહેરીને નવે-નવેલી દુલ્હન જેવી મસ્ત તૈયાર થઈ છે, જ્યારે રોનિત રોયે સફેદ અને લાલ રંગનો કુર્તો પાયજામો પ હેર્યો છે. ઉલ્લેખનીય છે કે રોનિત રોયે વર્ષ ૨૦૨૩માં એક્ટ્રેસ અને મોડલ નીલમ સિંહ સાથે બીજી વાર લગ્ન કર્યા હતા. નીલમની સાથે એમના બે બાળકો છે. નીલમ પહેલાં એક્ટરે જોહાના નામની મહિલા સાથે લગ્ન કર્યા હતા અને એમની એક દીકરી પણ છે. રોનિત રોયના આ લગ્ન બહુ લાંબા સમય સુધી ટકી શક્યા હતા નહીં.


નોંધનીય છે કે રોનિત રોયે અનેક સારી-સારી સિરીયલમાં દમદાર રોલ પ્લે કરીને લોકોના દિલ જીતી લીધા છે. ટીવી સિરીયલ સિવાય પણ એક્ટેર અનેક ફિલ્મોમાં કામ કર્યુ છે. ટેલિવિઝનની દુનિયામાં રોહિતનું નામ ખૂબ રોશન થયુ. એક્ટિંગની દુનિયા સિવાય રોનિત રોય એક બિઝનેસ પણ છે. આ સાથે સિક્યુરિટી એજન્સી પણ છે.



# અભિષેક કુમારને કારણે સમર્થનું ઈશા માલવિયા સાથે થયું બ્રેકઅપ

## સમર્થે આગળ કહ્યું કે, 'મેં તને ઘણી વાર કહ્યું છે અને મને લાગે છે કે જો તું સાંભળવા તૈયાર નથી, તો મારે મારી જાતને બદલવી પડશે





બિગ બોસ ૧૭'ના લેટેસ્ટ એપિસોડમાં ખુલાસો થયો છે કે, સમર્થ જુરેલ અને ઈશા માલવિયા વચ્ચેના સંબંધો મુશ્કેલ તબક્કે પહોંચી ગયા છે. લેટેસ્ટ એપિસોડમાં ઈશા અભિષેકને સ્પષ્ટતા આપી રહી હતી કે, તેણે સ્પેશિયલ ઈવિક્શન પાવર વખતે એશ્વર્યા શર્માનું નામ કેમ પસંદ કર્યું. ઈશા અભિષેક મલ્હન સાથે વાત કરે તે ગમતું ન હતું. ઈશા સાથે વાત કરતી વખતે સમર્થે કહ્યુ હતુ કે, 'તને ખબર છે કે જ્યારે તું તેની સાથે વાત કરે છે ત્યારે મને ગમતું નથી, છતાં પણ તું એમ કરે છે અને તું રોકાવાની નથી. તેથી મારે નિર્ણય લેવો પડશે અને મેં નિર્ણય લઈ લીધો છે. હું આ શોમાં તારી સાથે નહીં રહી શકું. જ્યારે હું તને તેની સાથે વાત કરતા જોઉં છું ત્યારે મને દુખ થાય છે.' સમર્થે આગળ કહ્યું કે, 'મેં તને ઘણી વાર કહ્યું છે અને મને લાગે છે કે જો તું સાંભળવા તૈયાર નથી, તો મારે મારી જાતને બદલવી પડશે. મને તેની ચિંતા નથી કે લોકો આ જાણવા માગે છે, પરંતુ હવે આગળથી હું તમારી સાથે અંતર જાળવી રાખીશ અને જોઈશ કે બ્હાર એ કેવી રીતે કામ નથી આવતો.' સમર્થે કહ્યું કે અભિષેકે ઘરમાં તેના માટે બોલેલા શબ્દો તે ક્યારેય ભૂલી નહીં શકે. તેણે કહ્યું કે, 'અભિષેકે તારા વિશે જે ખરાબ ગાળો અને વાતો કહી હતી તે પણ હું નહીં ભૂલું. જ્યારે પણ હું એ માણસનો ચહેરો જોઉં છું ત્યારે મને એ વાતો યાદ આવે છે. ઈશા, હું ખૂબ ગુસ્સામાં છું. આ મહિનાની શરૂઆતમાં સલમાન ખાને અભિષેકને ઠપકો આપ્યો હતો અને ઈશા માલવિયા વિરુદ્ધ ગંદા શબ્દોનો ઉપયોગ કરવા બદલ ઘરમાં તેના વર્તનની ટીકા કરી હતી. ત્યારે સલમાને તેને કહ્યું હતું કે, 'ચાર્જ કરવું, બૂમો પાડવીપ ઘરમાં સૌથી જૂઠો સ્પર્ધક અભિષેક છે.

# શનાયા કપૂર લહેંગા ચોલીમાં અપ્સરા લાગી

## શનાયા સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે અને ઈન્સ્ટા પર તેના એકથી વધુ ફોટો શેર કરતી રહે છે



બોલિવૂડની ફેમસ સ્ટાર કિડ શનાયા કપૂરે તેની કેટલીક લેટેસ્ટ તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે, જેમાં તેનો ખૂબ જ ગ્લેમરસ અવતાર જોવા મળી રહ્યો છે. ફિલ્મ અભિનેતા સંજય કપૂરની પુત્રી શનાયા કપૂર ઈન્ડસ્ટ્રીના સૌથી લોકપ્રિય સ્ટાર કિડ્સમાંથી એક છે. શનાયાએ બોલિવૂડમાં પગ પણ નથી મૂક્યો તે પહેલા પણ તે પોતાના ગ્લેમરસ લુકને લઈને હંમેશા ચર્ચામાં રહે છે. શનાયાની ફેન ફોલોઈંગ પણ કોઈ બોલિવૂડ એક્ટ્રેસથી ઓછી નથી. ઈન્સ્ટાગ્રામ પર શનાયાના ૧.૪ મિલિયન ફોલોઅર્સ છે. શનાયા સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે અને ઈન્સ્ટા પર તેના એકથી વધુ ફોટો શેર કરતી રહે છે. શનાયાએ તેની કેટલીક લેટેસ્ટ તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે, જેમાં તેનો ખૂબ જ ગ્લેમરસ અવતાર જોવા મળી રહ્યો છે. શનાયા કપૂર જ્યારે પણ સોશિયલ મીડિયા પર તસવીરો શેર કરે છે ત્યારે તે આગની જેમ વાયરલ થઈ જાય છે.

# માગશરી પુનમે ગુરુ ગોવિંદ જયંતિ અને ભીલોના બલિદાન નિમિત્તે હજારો લોકો માનગઢ ધામે ભેગા મળ્યા

## સામાજિક આગેવાનો રાજારામ કટારા અને અજીતદેવ પારગી પણ સંતો ભક્તો સાથે માનગઢની મુલાકાતે આવ્યા હતાં





। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૭ ।

આજરોજ તારીખ ૨૬/૧૨/૨૦૨૩ માગસરી પુનમના રોજ માનગડ ખાતે પુજ્ય ગુરુ ગોવિંદજી ની હયાતીથી જ તેમના જન્મ નિમિત ભેગા મળવાનો અને ભક્તિ નો મેળો ગુરુ ગોવિંદે માનગડ બાંધ્યો હતો. આવા માગશરી પુનમના મેળામા જ જનજાતી સમાજના ઉત્થાન અને વિકાસ માટે સંપસભાની રચના થઈ હતી, આવા માગસરી પુનમના મેળા દરમ્યાન જ આઝાદીના આંદોલનમા ભીલોનો રંગ એવા માનગડ બલિદાનની ઘટના ઘટી હતી અને ૧૫૦૭ થી વધારે ભક્તો સંતોએ અંગ્રેજોની ગોળીથી બલિદાની વ્હોરી હતી. ગુરુ ગોવિંદના ભક્તો અને આદિવાસી સમાજ માટે માગશરી પુનમનુ ઐતિહાસિક મહત્વ છે ત્યારે માનગડ ખાતે વિવિધ કાર્યક્રમો પણ આ દિવસની યાદમાં થયાં હતાં. આજના કાર્યક્રમમા જનજાતી સામાજીક આગેવાનો રાજારામજી કટારા અને અજીતદેવ પારગી વગેરેએ પણ સંતો ભક્તોની સાથે માનગડની મુલાકાત કરી ગુરુ ગોવિંદજી ને નમન વંદન કરી ગુરુની ધુણીની વંદના કરી હતી, સાથે જ અમર બલિદાનના સાક્ષી એવા માનગડમા બલિદાની વિરોને શ્રધ્ધાંજલી અર્પિત કરી હતી અને માનગડ રાષ્ટ્રીય સ્મારક ઘોષિત થાય એવો સંકલ્પ કર્યો હતો.

# 'કુમ્હાર' સમુદાયની મહિલા ઉદ્યોગસાહસિક વિશ્વકર્મા યોજના અને બાજરી વિશે જાગૃતિ ફેલાવે છે

। નવી દિલ્હી, તા.૨૭ ।



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ મારફતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનાં લાભાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો. પ્રધાનમંત્રીએ આ પ્રસંગે જનમેદનીને સંબોધન પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં દેશભરમાંથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાના હજારો લાભાથી-ઓ જોડાયા હતા. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો અને સ્થાનિક સ્તરના પ્રતિનિધિઓ જોડાયા હતા.

એસવીએનિધિ યોજનાના લાભાર્થી કોટા રાજસ્થાનની સપના પ્રજાપતિએ પણ રોગચાળા દરમિયાન માસ્ક બનાવીને ફાળો આપ્યો હતો. પ્રધાનમંત્રીએ ડિજિટલ વ્યવહારો મારફતે તેમનો મોટાભાગનો વ્યવસાય હાથ ધરવા બદલ તેમની પ્રશંસા કરી હતી. સ્થાનિક સાંસદ શ્રી ઓમ બિરલાએ પણ તેમને જાગૃતિ ફેલાવવા અને વિસ્તારવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. પીએમ મોદીએ ખુશી વ્યક્ત કરી હતી કે સપનાના જૂથની મહિલાઓ બા-જરીને પ્રોત્સાહન આપી રહી છે અને કામ કરી રહી છે.

પ્રધાનમંત્રીએ 'કુમ્હાર' સમુદાયના ઉદ્યોગસાહસિકને વિશ્વકર્મા યોજના વિશે માહિતગાર કર્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે, "તમારી સામૂહિક માતૃશક્તિ તમને નવી ઊંચાઈઓ પર લઈ જશે અને હું આપ સૌ દીદીઓને કહું છું કે, તેઓ લોકોને તેઓ જે ફાયદાઓ મેળવી શકે છે તે વિશે જણાવીને મોદી કી ગેરંટી કી ગાડીને મોટી સફળતા અપાવે."

# માનગઢ આદિવાસી બલિદાન દિવસ



। ઓમકારસિંહ ચૌહાણ સંતરામપુર, તા.૨૭ ।

ગત રોજ કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી શ્રી પ્રો. ડૉ. કુબેરભાઈ ડિંડોર સાહેબે માગશરી પૂનમ પર આદિવાસી પરંપરાગત ગત ચાલી આવતી પરંપરા અનુસાર માનગઢની ૬૪ કિમી લાંબી પરિક્રમા માટે રથને પ્રસ્થાન કરાવી પરિક્રમા કરી ધન્યતા અનુભવી અને શંખનાદ કર્યો. આ પરિક્રમામાં સહભાગી થઈ ધન્યતા અનુભવું છું. પરિક્રમામાં મારી સાથે રાજસ્થાન, મધ્યપ્રદેશ સહિત આજુ બાજુના અનેક ગામમાં આદિવાસી ભાઈ-બહેનો જોડાયા. ત્યારબાદ ત્યાંના સ્થાનિક સરપંચશ્રી ના નિવાસસ્થાને ભક્તજનોને ભોજન પીરસી અને તેમની સાથે પ્રસાદી લીધી. સાથે સંતગણ, સામાજિક આગેવાનો, ગોવિંદગુરુના અનુયાયીઓ અને ખૂબ મોટી સંખ્યામાં આદિવાસી ભાઈ-બહેનો જોડાયા હતા.

શ્રી ગોવિંદ ગુરુને અને સર્વે આદિવાસી વીરોને શત શત નમન... આ પ્રસંગે સાથે તાલુકા પંચાયત ના પ્રમુખશ્રી હરેશભાઈ વળવાઈ ગામ ના સરપંચ શ્રી ભેમ ભાઈ, ભંડારા સરપંચ શ્રી ભલાભાઈ, સહીત સરપંચ શ્રીઓ ગ્રામજનો અને મોટી સંખ્યામાં ભક્તજનો જોડાયા હતા.

# ઝાલોદ તાલુકાના પીપળીયા અને મુણઘા ગામમાં વુમન વેલનેશ કેમ્પ યોજાયો

## સ્તન કેન્સર અંગે જાગૃતિ હેઠળ યોજાયેલ કેમ્પમાં મળતી માહિતી થી સહુ મહિલા પ્રસંશા કરતી જોવા મળી

। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૭ ।



આશીર્વાદ ફાઉંડેશન દ્વારા ૨૬ ડિસેમ્બરના રોજ ઝાલોદ તાલુકાના પીપળીયા ગામમાં અને મુણઘા ગામની જય ખોડિયાર માઁ માધ્યમિક શાળા ખાતે વુમન વેલનેસ ક્લિનિક પ્રોગ્રામ (wwc) હેઠળ આશીર્વાદ ફાઉન્ડેશનના સંસ્થાપક આર.એસ. પટેલ તેમજ બહેનોના રોલ મોડલ એવા આશીર્વાદ મેડિકલ સેન્ટરના ડિરેક્ટર હિના જરીવાલા, કે.સી.પટેલના સહયોગથી લાભાર્થીઓ માટે કોર્ડીનેટર વૈશાલી બારીયા અને તેમની ટીમ દ્વારા સ્તન કેન્સર કાર્યક્રમનું સફળતા પૂર્વક સંચાલન કરવામાં આવ્યું હતું.

સ્તનના સ્વ-પરિક્ષણ દ્વારા ૫ મહત્વના પગલા જેવાકે નાની ગાંઠ, લાલ ચકામા, ખીલ, ફોલ્લી અથવા નિપલમા થી પ્રવાહી જરતું હોય તેવા ચિન્હો દેખાય તો તાત્કાલિક ડોક્ટરી તપાસ મેમોગ્રાફી અને સોનોગ્રાફી દ્વારા વહેલા તબક્કે સ્તન કેન્સરનું નિદાન થઈ શકે છે. કેન્સરની આ બીમારી કોઈ પણ જાતના દર્દ વિના થતી હોવાથી દર વર્ષે તેનું વહેલા તબક્કે તેનું નિદાન અને ઈલાજ થઈ શકે છે. ચોથા તબક્કે પહોંચેલ આ બીમારી ખૂબ ખર્ચાળ અને દર્દીને બચાવવા અનિશ્ચિત બની શકે છે. આ માહિતીથી મોટા ભાગની બહેનો અજાણ હોવાથી તેમને આ માહિતી રસપ્રદ લાગી હતી. આવી સુંદર માહિતીનો લાભ આ બહેનોને ક્યારેય મળ્યો હોવાથી સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમ અંગે સહુ બહેનો પ્રસંશા કરતી જોવા મળતી હતી અને આવી સુંદર અને સચોટ માહિતી દરેક બહેનો બીજી બહેનોને પહોંચાડશે તેવી ખાત્રી આપી હતી.

# ગુજરાત પોલીસ અકાદમી-કરાઈ ખાતે "ડી.જી.પી કપ બેડમિન્ટન ટુર્નામેન્ટ-૨૦૨૩"નો શુભારંભ કરાવતા ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી

। ગાંધીનગર, તા.૨૭ ।

ગુજરાત પોલીસ અકાદમી-કરાઈ ખાતે ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ "ડી.જી.પી. કપ બેડમિન્ટન ટુર્નામેન્ટ-૨૦૨૩"નો શુભારંભ કરાવ્યો હતો. સાથે જ ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ ગુજરાત પોલીસ અકાદમી ખાતે નવનિર્મિત વૂડન બેડમિન્ટન કોર્ટનું પણ લોકાર્પણ કર્યું હતું.

આ પ્રસંગે ખેલાડીઓનો ઉત્સાહવર્ધન કરતા ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ કહ્યું હતું કે, દિવસ-રાત વિવિધ પરિસ્થિતિઓ વચ્ચે પણ પોતાની ફરજ બજાવતા પોલીસ કર્મીઓના સ્વાસ્થ્યની ચિંતા કરીને ગુજરાત પોલીસે તેમને રમત-ગમત સાથે જોડવાનું શુભ કાર્ય કર્યું છે. સમયાંતરે ગુજરાત પોલીસ દ્વારા આવી વિવિધ સ્પર્ધાઓના આયોજન થકી પોલીસ કર્મીઓમાં હકારાત્મક વિચારોનું સર્જન થાય છે, સ્ટ્રેસ અને નકારાત્મક વિચારો દૂર થાય છે, વધુ સારી રીતે પોતાની ફરજ નિભાવી શકે છે તેમજ તેમના સ્વાસ્થ્યમાં પણ સુધારો આવે છે. મંત્રી શ્રી સંઘવીએ ખેલાડીઓને શુભકામનો પાઠવતા ઉમેર્યું હતું કે, ગુજરાતના પોલીસ કર્મીઓની હરહંમેશથી રમત-ગમતમાં રૂચી વધારે રહી છે. જેથી આવી વિવિધ સ્પર્ધાઓના પરિણામે પોલીસ કર્મીઓમાં રહેલી ક્ષમતાનો વિકાસ થાય છે. આગામી સમયમાં ગુજરાત પોલીસ તરફથી રાજ્યને વિવિધ રમતોમાં અનેક નવા ખેલાડીઓ મળશે, જે ગુજરાત સહિત દેશનું પણ નામ રોશન કરશે, તેવી મંત્રીશ્રીએ આશા વ્યક્ત કરી હતી.

# રાષ્ટ્રપતિએ ઇન્સ્ટિટ્યૂટ ઓફ લિવર એન્ડ બિલિયરી સાયન્સિસનાં ૯માં પદવીદાન સમારંભમાં હાજરી આપી

। નવી દિલ્હી, તા.૨૭ ।



ભારતનાં રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ આજે (૨૭ ડિસેમ્બર, ૨૦૨૩) નવી દિલ્હીમાં ઈન્સ્ટિટ્યૂટ ઑફ લિવર એન્ડ બિલિયરી સાયન્સિસ (આઈએલબીએસ)નાં નવમા પદવીદાન સમારંભને સંબોધન કર્યું હતું.

આ પ્રસંગે બોલતા રાષ્ટ્રપતિએ કહ્યું કે આઈએલબીએસએ વિશ્વ કક્ષાની કાર્યક્ષમતા અને અખંડિતતાના બળ પર માત્ર ૧૩ વર્ષના ગાળામાં પોતાનું આગવું સ્થાન બનાવ્યું છે. તેમને એ જાણીને આનંદ થયો કે આઈએલબીએસ ખાતે ૧૦૦૦ થી વધુ યકૃત પ્રત્યારોપણ અને આશરે ૩૦૦ મૂત્રપિંડ પ્રત્યારોપણ કરવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, પ્રમાણમાં ઓછા ખર્ચે વૈશ્વિક કક્ષાની સ્વાસ્થ્ય સેવાઓ પ્રદાન કરીને ભારત આઈએલબીએસ જેવી સંસ્થાઓનાં જોરે આંતરરાષ્ટ્રીય હેલ્થકેર કેન્દ્ર બની રહ્યું છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે જીવન વિજ્ઞાન અને આધુનિક માહિતી તકનીકના એકીકરણ સાથે, આરોગ્યસંભાળના ક્ષેત્રમાં ક્રાંતિકારી ફેરફારો થઈ રહ્યા છે. તેમણે આઈએલબીએસમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ લર્નિંગ યુનિટની સ્થાપનાને સમયસરની પહેલ ગણાવી હતી. તેમણે આઈએલબીએસને સારવાર પૂરી પાડવાની સાથે સંશોધનના ક્ષેત્રમાં કામ કરવાનું ચાલુ રાખવા વિનંતી કરી.

રાષ્ટ્રપતિએ કહ્યું કે નિવારક આરોગ્યસંભાળ પર વધુ ધ્યાન આપવાની જરૂર છે. એવું કહી શકાય કે લિવર આપણા શરીરનું સિક્યુરિટી ગાર્ડ છે. આપણા દેશમાં લીવરને લગતી સ્વાસ્થ્ય સમસ્યાઓ ગંભીર છે અને તેના કારણે થતી મોટી સંખ્યામાં રોગો ચિંતાનું કારણ છે. તેમણે કહ્યું કે આઈએલબીએસ યકૃતના રોગોના નિવારણમાં નોંધપાત્ર યોગદાન આપે તેવી અપેક્ષા છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે પૂરતી સંખ્યામાં અંગોની ઉપલબ્ધતા ન હોવાને કારણે, ઘણા દર્દીઓ યકૃત, કિડની અથવા અન્ય કોઈપણ પ્રત્યારોપણથી વંચિત રહે છે. કમનસીબે અંગદાનને લગતી અનૈતિક પ્રથાઓ પણ સમયાંતરે પ્રકાશમાં આવતી રહે છે. આ સમસ્યાઓનું નિરાકરણ લાવવાની જવાબદારી જાગૃત સમાજની છે. આપણા દેશમાં અંગદાન વિશે લોકોને પ્રોત્સાહિત કરવા માટે મોટા પાયે વધુને વધુ જાગૃતિ અભિયાનો યોજવાની જરૂર છે.

# પેન્શન અને પેન્શનર્સ કલ્યાણ વિભાગે ૫૦ પેન્શનર્સ વેલ્ફેર એસોસિએશનો અને ૧૬ બેંકોના નોડલ અધિકારીઓ સાથે રાષ્ટ્રવ્યાપી ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ અભિયાન ૨.૦ની સમીક્ષા કરી

। નવી દિલ્હી, તા.૨૭ ।

પેન્શન અને પેન્શનર્સ વેલ્ફેર વિભાગ (ડીઓપીપીડબ્લ્યુ)એ દેશભરના ૧૦૫ શહેરોમાં ૬૦૨ સ્થળોએ, ૧૬ પેન્શન વિતરણ બેંકો, તમામ મંત્રાલયો / વિભાગો, ૫૦ પેન્શનર્સ વેલ્ફેર એસોસિએશન, યુઆઈડીએઆઈ, એમઈઆઈટીવાયના સહયોગથી, ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ સબમિટ કરવા માટે ડીએલસી / ફેસ ઓથેન્ટિકેશન ટેક્નોલોજીના ઉપયોગ માટે કેન્દ્ર સરકારના તમામ પેન્શનર્સ તેમજ પેન્શન વિતરણ સત્તામંડળોમાં જાગૃતિ ફેલાવવાના હેતુથી ૧ થી ૩૦ નવેમ્બર, ૨૦૨૩ દરમિયાન રાષ્ટ્રવ્યાપી ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ અભિયાનનું આયોજન કર્યું હતું.

આ સંબંધમાં પેન્શન અને પેન્શનર્સ કલ્યાણ વિભાગનાં સચિવ શ્રી વી શ્રી નિવાસે ૨૬.૧૨.૨૩નાં રોજ રાષ્ટ્રવ્યાપી ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ અભિયાન ૨.૦ની પ્રગતિની સમીક્ષા કરી હતી, જેમાં ૧૬ પેન્શન વિતરણ બેંકોનાં ૨૯૦ નોડલ અધિકારીઓ અને ૫૦ પેન્શનર્સ વેલ્ફેર એસોસિએશનનાં નોડલ અધિકારીઓ સામેલ હતાં. સચિવ (પીએન્ડપીડબલ્યુ)એ પેન્શનર્સ સુધી પહોંચવામાં પેન્શન વિતરણ બેંકો અને પેન્શનર્સ વેલ્ફેર એસોસિએશનોની પેન્શનર્સ સાથેની સેવાઓની પ્રશંસા કરી હતી અને તેમને ખાસ કરીને ફેસ ઓથેન્ટિકેશન ટેકનિક મારફતે ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ સુપરત કરવા સક્ષમ બનાવ્યા હતા. બેંક અધિકારીઓ અને પેન્શનર્સ વેલ્ફેર એસોસિએશનોએ પથારીવશ/અશક્ત પેન્શનર્સનાં ઘરો/હોસ્પિટલોની મુલાકાત લીધી છે અને તેમનાં ડીએલસી જનરેટ કર્યા છે, જે આ પેન્શનર્સ માટે ખૂબ જ લાભદાયક છે.

ડીએલસી અભિયાન ૨.૦ હેઠળ ડિસેમ્બર, ૨૦૨૩ સુધી ૧.૨૯ કરોડ પેન્શનર્સે ડીએલસી સુપરત કરી છે, જેમાંથી ૪૧ લાખથી વધારે કેન્દ્ર સરકારનાં પેન્શનર્સ છે. આ ઝુંબેશના પ રિણામે, ફેસ ઓથેન્ટિકેશન ટેકનિકનો ઉપયોગ કરીને જનરેટ કરવામાં આવેલા ડીએલસીની સંખ્યા ૨૧.૩૪ લાખથી વધુ છે, બાયો-મેટ્રિક્સનો ઉપયોગ ૯૭.૧૩ લાખ અને આઈરિસનો ઉપ યોગ ૧૦.૯૫ લાખ છે. તેમાંથી કેન્દ્ર સરકારના પેન્શનર્સ માટે ૧૦.૪૩ લાખ ફેસ ઓથેન્ટિકેશન, ૨૮.૯૦ લાખ બાયો-મેટ્રિકનો ઉપયોગ અને ૨.૩૩ લાખ આઈરિસનો ઉપયોગ કરે છે. ડી.એલ.સી.ની ઉંમર મુજબના સર્જનના વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે ૯૦ વર્ષથી વધુ વયના ૨૭,૦૦૦ થી વધુ પેન્શનરો અને ૮૦ થી ૯૦ વર્ષની વયજૂથના ૨.૮૪ લાખથી વધુ પેન્શનરોએ ડિજિટલનો ઉપયોગ કર્યો છે.

# કેન્દ્રીય મંત્રી રૂપાલાએ જવાહર નવોદય વિદ્યાલયની શિક્ષા પ્રવૃત્તિઓને બિરદાવી, શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ કરનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું

। અમરેલી, તા.૨૭ ।

બાબાપુર સ્થિત પીએમ શ્રી સ્કૂલ જવાહર નવોદય વિદ્યાલય ખાતે કેન્દ્રીય ફિશરીઝ, પશુપ ાલન અને ડેરી મંત્રીશ્રી પરષોતમભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિમાં વિદ્યાલયનો ૧૬મો વાર્ષિક કાર્યક્રમ યોજાયો હતો. ઉલ્લેખનીય છે કે, જવાહર નવોદય વિદ્યાલય થકી દેશમાં શિક્ષામાં ઉત્કૃષ્ટ રીતે આમૂલ પરિવર્તન આવ્યું છે. આ વિદ્યાલયમાં શિક્ષા, કૌશલ્ય નિર્માણની સાથે સાથે રમત-ગમત પ્રવૃત્તિઓ થકી વિદ્યાર્થીઓનું સર્વાંગીય ઘડતર કરવામાં આવી રહ્યું છે. ડિજિટલ અને સ્માર્ટ ક્લાસની મદદથી વિદ્યાર્થીઓ ગુણવત્તાલક્ષી શિક્ષા પ્રાપ્ત કરી રહ્યા છે. કેન્દ્રીય મંત્રી શ્રી રૂપાલાએ, બાબાપુર જવાહર નવોદય વિદ્યાલયના ૧૬મા વાર્ષિક કાર્યક્રમમાં જણાવ્યુ કે, વર્ષ ૨૦૪૭માં ભારત વિકસિત રાષ્ટ્ર બનશે તેમાં શિક્ષણનો ખૂબ મોટો ફાળો હશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બાબાપુર જવાહર નવોદય વિદ્યાલયને પીએમ શ્રી સ્કૂલનો દરજ્જો આપવામાં આવ્યો છે એ બદલ આપણે સૌ પ્રધાનમંત્રીશ્રીના આભારી છીએ. વધુમાં કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યુ કે, જી-૨૦ નેતૃત્વ સમયે વડાપ્રધાનશ્રીએ દુનિયાને 'વસુધૈવ કુટુંબકમ'નું સૂત્ર આપ્યું, આજે સમગ્ર દુનિયા આ સૂત્રને આત્મસાત કરી રહી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે. ખોટો સંવાદ અથવા સંદેશ તમારા દિવસને નીરસ બનાવી શકે છે. તમારો આત્મવિશ્વાસ વધી રહ્યો છે તથા તમારો વિકાસ સ્પષ્ટ છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે વધુ પડતું ભોજન લેવાનું ટાળો અને તમારા વજન પર નજર રાખો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. બાળકો તમારૂં ધ્યાન માગે છે પણ બદલામાં ખુશીઓ આપે છે. આજનો દિવસ તમારા પ્રેમ જીવનમાં એક અદભુત દિવસ બની રહેશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમે તમારા હકારાત્મક અભિગમ તથા આત્મવિશ્વાસ દ્વારા તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરો એવી શક્યતા છે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. રહેવાના સ્થળમાં પરિવર્તન ખાસ્સું મંગલકારી પુરવાર થશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. તમારો પ્રેમ અસ્વીકારને આમંત્રમ આપશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તબિયતના મોરચે છોડીક દરકારની જરૂર છે. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે? નવો દેખાવ-નવાં કપડાં-નવા મિત્રો આજે તમારા થશે. સુંદર સ્મિત સાથે તમારા પ્રેમી કે પ્રેમિકાનો દિવસ ઝળકાવો. વધારે પડતા કામ છતાંય કાર્યક્ષેત્ર માં તમારી અંદર ઉર્જા જોઈ શકાય છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે ગુસ્સાની લહેર આજે વાદ-વિવાદ તથા ઘર્ષણ ભણી દોરી જશે. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. એકબીજાના દૃષ્ટિકોણ સમજીને તમારી વ્યક્તિગત સમસ્યાઓને ઉકેલો.તેમને જાહેરમાં ન લાવો અન્યથા તમારી પ્રતિષ્ઠાને હાનિ થવાની શક્યતાઓ વધુ છે. આજે આંધળો પ્રેમ પ્રાપ્ત કરવાનું તમે શક્યા કરી દેખાડશો.

**તુલા (ર,ત) :**
આજના દિવસે વાહન ચલાવતી વખતે તકેદારી રાખો. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટા થી ધન સંચિત કરવા ની સલાહ લો. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો. તમારા બૉસ અથવા વરિષ્ઠોને તમારા ઘરે આમંત્રવા માટે સારો દિવસ નથી.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે કશુંક કરવાની તમારી અનિચ્છા તમને લાગણીશીલ તથા માનસિક અભિગમનો શિકાર બનાવશે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? તમે જેની દરકાર કરો છો એવી કોઈક નિકટની વ્યક્તિ સાથે સંવાદનો અભાવ આજે તમને હતાશ કરી મુકશે. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ. તમારા જીવનસાથીની તબિયત ચિંતાનું કારણ બની શકે છે તથા તબીબી મદદની જરૂર પડશે. ઊંડી લાગણી ધરાવતા પ્રેમનો અત્યાનંદ તમે આજે અનુભવશો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે. એવા લોકો કે જેઓ અત્યાર સુધી એકલા છે, તે આજે કોઈ ખાસ વ્યક્તિ ને મળવા ની સંભાવના છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. કામ તથા જીવન તરફના તમારા અભિગમમાં વિદ્વાન તથા સંપૂર્ણતાના આગ્રહી બનો. સારાં માનવી મૂલ્યો તથા ઉષ્માસભર હૃદય સાથે અન્યોનું માર્ગદર્શન કરવાની તથા મદદ કરવાનો સહજ ઉમળકો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. આજ ના દિવસે ઘર માં કોઈ ઈલેક્ટ્રિક વસ્તુ ખરાબ થવા ના લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે. તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્રનો કૉલ આવશે.

### અયોધ્યામાં રામમંદિરના પ્રાણ પ્રતિષ્ઠાની તૈયારી જોરમાં

## મમતા બેનર્જી રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમથી અળગા રહે તેવી શક્યતા



। નવી દિલ્હી, તા.૨૭ ।

અયોધ્યામાં રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા ની તૈયારી પુરજોશમાં ચાલી રહી છે અને આ મહોત્સવમાં ઉપસ્થિત રહેવા નેતાઓ, ક્રિકેટરો તેમજ અનેક મોટી હસ્તિઓને આમંત્રણ આપ વામાં આવ્યું છે જેમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીનું નામ પણ સામેલ છે ત્યારે હવે સામાચાર આવી રહ્યા છે કે તૃળમૂલ કોંગ્રેસની આ પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમથી દૂર રહેવાની શક્યતા છે.

ઉત્તરપ્રદેશના અયોધ્યામાં આગામી ૨૨ જાન્યુઆરીએ રામ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાનાર છે જેમાં પ્રધાનમંત્રી મુખ્ય અતિથિ છે જેના હાથે ભાગવાન રામ લલ્લાની મૂર્તિને સ્થાપિત કરવામાં આવશે. આ માટે યોગી સરકાર પુરજોશ તૈયારી કરી રહી છે અને આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજર રહેવા માટે દેશના તમામ મોટા નેતા, વિવિધ દિગ્ગજોને આમંત્રણ આપવામાં આવ્યું છે જેમાં પશ્ચિમ બંગાળનામુખ્યમંત્રી પણ સામેલ છે ત્યારે સુત્રોમાંથી સમાચાર મળી રહ્યા છે કે તેમની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસ આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજર રહેશે નહીં. જો કે હજુ સુધી ટીએમસીએ સત્તાવાર રીતે નિર્ણયની જાહેરાત કરી નથી પરંતુ નજીકના સુત્રોએ જણાવ્યુ હતું કે પાર્ટી ભાજપ રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાનો ઉપયોગ આગામી ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પ્રચાર માટે સ્પ્રિંગબોર્ડ તરીકે ઉપયોગ કરવા માંગે છે.

### કોંગોમાં પૂર અને ભૂસ્ખલનથી મોટી તબાહી

## કોંગોમાં ભારે વરસાદથી પૂર, ૨૨ લોકોનાં મોત થયા



। કોંગો, તા.૨૭ ।

કોંગોમાં પૂર અને ભૂસ્ખલનથી મોટી તબાહી સર્જાઈ છે. સ્થાનિક મીડિયા રિપોટ્સ અનુસાર મૂશળધાર વરસાદ બાદ પૂર આવતા અત્યાર સુધીમાં ૨૨ લોકોના મોત થયા છે જ્યારે ઘણા લોકો બેઘર થયા છે. આફ્રિકન ખંડનો બીજો સૌથી મોટો દેશ કોંગોના કસાઈ-મધ્ય પ્રાંતમાં ગઈકાલે મુશળધાર વરસાદ અને ભૂસ્ખલનથી મોટો તારાજી સર્જાઈ છે જેમાં ઓછામાં ઓછા ૨૨ લોકોના મોત થયા છે. ઘરો, ચર્ચો અને રસ્તાઓ ભૂસ્ખલનની ચપેટમાં આવી ગયા હતા. વરસાદ અને પૂરને કારણે અનેક લોકો બેઘર બન્યા છે. ગવર્નર જ્હોન કાબેયાએ જણાવ્યું હતું કે કાનંગાનો સમુદાય સૌથી વધુ પ્રભાવિત થયો છે. તેમણે કહ્યું કે વરસાદ સ્થાનિક સમય અનુસાર સવારે ૧ વાગ્યે શરૂ થયો અને સાંજે ૪ વાગ્યા સુધી ચાલુ રહ્યો હતો. સરકારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તે નુકસાનનું કારણ નક્કી કરવા માટે તપાસ હાથ ધરવામાં આવશે. કાનંગાના મેયર રોઝ મુડી મુસુબેએ જણાવ્યું હતું કે, મોટાભાગના મૃત્યુ ગેરકાયદેસર રીતે બાંધવામાં આવેલા મકાનોની દીવાલો ધરાશાયી થવાને કારણે થયા છે. મુઆદી મુસુબેએ વડા પ્રધાનને મદદ માટે આવવા અને સરકારને પૂરતી સહાય પૂરી પાડવા માટે કહ્યું છે જેથી અમે મૃતકોને સન્માન સાથે દફનાવી શકીએ.




## રાહુલ ગાંધીએ અખડામાં જઈ રેસલર્સ સાથે મુલાકાત કરી

। રોહતક, તા.૨૭ ।

કુશ્તીબાજો અને રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ડબલ્યુએફઆઈ)ના પૂર્વ પ્રમુખ અને ભાજપના સાંસદ બ્રૃજભૂષણ શરણસિંહ વચ્ચે સતત ટક્કર ચાલી રહી છે ત્યારે હવે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી કુશ્તીબાજોને મળવા હરિયાણાના ઝજ્જર સ્થિત છારા ગામ પહોંચ્યા હતા અને અહીં તેણે ઘણા કુશ્તીબાજો સાથે મુલાકાત કરી હતી.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી આજે વહેલી સવારે હરિયાણાના ઝજ્જર જિલ્લામાં સ્થિત છારા ગામમાં પહોંચ્યા હતા, જ્યાં તેઓ બજરંગ પુનિયા અને અન્ય કુશ્તીબાજોને મળ્યા હતા. છારા કુશ્તીબાજ દીપક પુનિયાનું ગામ છે. દીપક અને બજરંગે વીરેન્દ્ર અખાડાથી પોતાની કુસ્તી કારકિર્દીની શરૂઆત કરી હતી.

અખાડામાંથી રાહુલની તસવીર પણ સામે આવી છે, જેમાં તેઓ કુશ્તીબાજો સાથે બેઠા છે. બ્રૃજભૂષણ શરણ સિંહ વિરુદ્ધ કુસ્તીબાજો સતત કાર્યવાહીની માંગ કરી રહ્યા છે અને તેમનું કહેવું છે કે યૌન શોષણના આરોપી બ્રૃજભૂષણ શરણસિંહ સામે સરકારે કડક કાર્યવાહી કરવી જોઈએ. રાહુલ ગાંધી કુશ્તીબાજોને એવા સમયે મળ્યા છે જ્યારે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ડબલ્યુએફઆઈ)ને લઈને વિવાદ ચાલી રહ્યો છે. કેન્દ્રીય રમતગમત મંત્રાલયે તાજેતરમાં ડબલ્યુએફઆઈનું નવું સંગઠન રદ કર્યું હતું, એટલું જ નહીં પરંતુ નવા ચૂંટાયેલા પ્રમુખ સંજયસિંહને પણ સસ્પેન્ડ કરી દેવાયા હતા. સંજય સિંહને બીજેપી સાંસદ અને ભૂતપૂર્વ ડબલ્યુએફઆઈપ્રમુખ બ્રૃજભૂષણ શરણ સિંહના નજીકના માનવામાં આવે છે. બ્રૃજ ભૂષણશરણસિંહ પર મહિલા રેસલર્સના યૌન ઉત્પીડનનો આરોપ છે.

## મહાદેવ એપના પ્રોમટર સૌરભ ચંદ્રાકર દુબઈમાં નજરકેદ

### યુએઈ સરકારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની વિનંતી પર તેના વિરુદ્ધ જારી કરાયેલી રેડ કોર્નર નોટિસને ધ્યાનમાં લઈને આ પગલું ભર્યું

। નવી દિલ્હી, તા.૨૭ ।

મહાદેવ ઓનલાઈન ગેમિંગ એપના પ્રમોટર સૌરભ ચંદ્રાકરને દુબઈમાં નજરકેદમાં રાખવામાં આવ્યો છે અને તેને ભારત લાવવાનો રસ્તો સાફ થઈ ગયો છે. યુએઈ સરકારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની વિનંતી પર તેના વિરુદ્ધ જારી કરાયેલી રેડ કોર્નર નોટિસને ધ્યાનમાં લઈને આ પગલું ભર્યું છે.

આ અંગે કેટલાક મીડિયા સુત્રોમાંથી મળતી માહિતી મુજબ દુબઈમાં સૌરભ ચંદ્રાકરને તેમના જ ઠેકાણા પર નજરકેદમાં રાખવામાં આવ્યો છે અને ટૂંક સમયમાં ભારત લાવવામાં આવી શકે છે. દુબઈથી મળેલા અહેવાલો અનુસાર સૌરભ ચંદ્રાકરને પોતાના ઘરની બહાર નીકળવાની મંજૂરી આપવામાં આવી નથી. કહેવામાં આવી રહ્યું છે કે જો તેને છોડવામાં આવશે તો તે ભાગી



શકે છે. UAEના અધિકારીઓ તેના પર નજર રાખી રહ્યા છે. દુબઈના સત્તાવાળાઓ ભારતીય અધિકારીઓ દ્વારા તેના પ્રત્યાર્પણની પ્રક્રિયા શરૂ કરે તેની રાહ જોઈ રહ્યા છે. મહાદેવ બેટિંગ એપ ઓનલાઈન સટ્ટાબાજી માટે બનાવવામાં આવી છે. તેના પર યુઝર્સ પોકર, કાર્ડ ગેમ્સ, ચાન્સ ગેમ્સ નામની લાઈવ ગેમ્સ રમતા હતા. એપ દ્વારા ક્રિકેટ, બેડમિન્ટન, ટેનિસ, ફૂટબોલ અને ચૂંટણી જેવી રમતોમાં પણ ગેરકાયદે સટ્ટો રમાડવામાં આવતો હતો. એપનું નેટવર્ક ગેરકાયદેસર સટ્ટાબાજીના નેટવર્ક દ્વારા ઝડપથી ફેલાઈ ગયું અને છત્તીસગઢમાં સૌથી વધુ ખાતા ખોલવામાં આવ્યા. આ એપ દ્વારા છેતરપિંડી માટે સંપૂર્ણ બ્લુપ્રિન્ટ બનાવવામાં આવી હતી. ભારતમાં અનેક રાજ્યોના મોટા શહેરોમાં મહાદેવ બેટિંગ એપના લગભગ ૩૦ કોલ સેન્ટર ખોલવામાં આવ્યા હતા. આ બેટિંગ એપ સૌરભ ચંદ્રાકર અને રવિ ઉપ્પલના બે અત્યંત નજીકના સહયોગીઓ અનિલ દમ્માણી અને સુનીલ દમ્માણીની મદદથી ભારતમાં કાર્યરત હતી. સૌરભ ચંદ્રાકર અને રવિ ઉપ્પલ દરેક શાખાને ફ્રેન્ચાઈઝી તરીકે વેચતા હતા. રવિ ઉપ્પલ મહાદેવ બેટિંગ એપમાં સૌરભ ચંદ્રાકરનો પાર્ટનર છે.

## મ્યાનમારમાં ૪૦૦૦૦થી વધુની ટેલિકોમ છેતરપિંડીમાં ધરપકડ



। નેપ્યાડો, તા.૨૭ ।

કેટલાક રાજકીય નિષ્ણાતો માને છે કે ચીન અને મ્યાનમાર ચીનના નાગરિકોને ગેરકાયદેસર રીતે મ્યાનમારમાં પ્રવેશવાની મંજૂરી આપવા અને ઓનલાઈન સ્કેમ રિંગ્સની ઝડપી રચના માટે જવાબદાર છે.

દેશના કાયદા અમલીકરણ અધિકારીઓએ આ વર્ષે સપ્ટેમ્બરમાં ઓનલાઈન કૌભાંડો પર ક્રેકડાઉન શરૂ કર્યું ત્યારથી મ્યાનમાર સત્તાવાળાઓએ ૪૦,૦૦૦ થી વધુ ટેલિકોમ છેતરપિંડીના શંકાસ્પદોની ધરપકડ કરી છે અને ચીનમાં મોકલ્યા છે. સંબંધિત સંસ્થાઓ પાસેથી એકત્ર કરાયેલી માહિતી દર્શાવે છે કે આ ચાઈનીઝ નાગરિકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા અને પછી મ્યાનમારના ઉત્તરીય શાન રાજ્યમાંથી સપ્ટેમ્બરની શરૂઆતથી ડિસેમ્બરના મધ્ય સુધી ત્રણ મહિના દરમિયાન દેશનિકાલ કરવામાં આવ્યા હતા.

રેડિયો ફ્રી એશિયા દ્વારા ચીનના જાહેર સુરક્ષા મંત્રાલય, શાસક લશ્કરી જંટા અને ઉત્તરી શાન રાજ્યમાં વંશીય વા અને કોકાંગ નેતાઓ દ્વારા આપવામાં આવેલા નિવેદનોમાંથી ડેટા એકત્રિત કરવામાં આવ્યો હતો. ક્રિસ્ટલ મેથામ્ફેટામાઇનની હેરફેરનું કેન્દ્ર હોવા ઉપરાંત, મ્યાનમારમાં ઉત્તરીય શાન રાજ્ય ચીનની સરહદે ચોકીઓમાં અસંખ્ય અન્ય ગેરકાયદેસર કામગીરીનું ઘર પણ છે.

૨૦૨૧ માં બળવા દ્વારા રાજ્યનો કબજો મેળવનાર જન્ટા હેઠળના સતત લશ્કરી સંઘર્ષ અને નાગરિક ઉથલપાથલ દ્વારા આ પ્રવૃત્તિઓને વેગ મળે છે. ચીનથી ઘેરાયેલું હોવાથી, ઉત્તરનું શાન રાજ્ય તેમના પોતાના લોકોનો શિકાર કરતા ચીની સ્કેમર્સ માટે એક કેન્દ્ર તરીકે વિકસિત થયું છે.

રાજ્ય વહીવટી પરિષદ દ્વારા ડિસેમ્બરના મધ્યમાં કરવામાં આવેલા નિવેદનમાં, મ્યાનમારમાં શાસક લશ્કરી જંટાનું સત્તાવાર નામ છે, જેમાં કહેવામાં આવ્યું છે કે ૩૧ ઓક્ટોબર અને ૧૫ ડિસેમ્બરની વચ્ચે, આ વિસ્તારમાં ઑનલાઇન કૌભાંડ જૂથો સાથે જોડાયેલા લગભગ ૧૨,૦૫૦ ચીની નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી અને તેમને દેશનિકાલ કરવામાં આવ્યા હતા.

કોકાંગ પ્રદેશ, જ્યાં મોટાભાગની વસ્તી વંશીય ચીની છે અને તેણે જન્ટાના પ્રતિકારને ટેકો આપ્યો છે, તે મોટાભાગના ચાઈનીઝ નાગરિકોનું ઘર હતું જેમને પાછા દેશનિકાલ કરવામાં આવ્યા હતા.

ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સંડોવાયેલા અન્ય ચીની નાગરિકોની પણ યુનાઈટેડ વા સ્ટેટ આર્મી (યુએસડબ્લ્યુએ) ના સત્તા હેઠળના વિસ્તારોમાં ધરપકડ કરવામાં આવી છે, જે કથિત રીતે મ્યાનમારમાં સૌથી મોટા વંશીય સશસ્ત્ર જૂથ છે. ૬-૭ સપ્ટેમ્બરના રોજ, યુએસડબલ્યુએદળોએ એક હજારથી વધુ ચીની નાગરિકોને પકડ્યા જેઓ ગેંગનો ભાગ હતા અને તેમને સરહદની બીજી બાજુએ તરત જ ચીની પોલીસને સોંપી દીધા.

## લી સુન ક્યુનનનો મૃતદેહ કારમાંથી મળી આવ્યો

। સિયોલ, તા.૨૭ ।

ઓસ્કાર એવોર્ડ વિજેતા ફિલ્મ પેરાસાઈટના એક્ટર લી સુન ક્યુનનું ૪૮ વર્ષની વયે શંકાસ્પદ સંજોગોમાં અવસાન થયું છે. પોલીસને તેનો મૃતદેહ તેના ઘર પાસે મળી આવ્યો હતો. સાઉથ કોરિયન ઓથોરિટીના જણાવ્યા મુજબ લિ સુન ક્યુન એક ડ્રગ કેસમાં ફસાયો હતો. કે-મીડિયા અનુસાર એક્ટરનો મૃતદેહ વારયોંગ પાર્કમાં પાર્ક કરેલી કારમાંથી મળી આવ્યો હતો. પોલીસને ફરિયાદ મળી હતી કે એક મહિલાએ ઈમરજન્સી કોલ કરીને જાણ કરી હતી કે તેનો પતિ ઘર છોડીને ગયો છે અને એક ચિઠ્ઠી પાછળ છોડી ગયો છે, જેમાં આત્મહત્યાના સંકેતો હતા. બાદમાં પોલીસે પુષ્ટિ કરી કે આ મૃતદેહ લી સુન ક્યૂનનો છે. કારની અંદરથી કોલસો સળગાવવાના પુરાવા પણ મળ્યા છે, જે આત્મહત્યા તરફ ઈશારો કરે છે. પોલીસના જણાવ્યા અનુસાર તેણે જે ચિઠ્ઠી છોડી છે તે કાં તો સ્યુસાઈડ નોટ છે અથવા તેની પત્ની માટે વસિયત છે. ફિલ્મ પેરાસાઈટ ઉપરાંત લી સુન ક્યુને સ્લીપ, કોફી પ્રિન્સ અને અ હાર્ડ ડે જેવી ફિલ્મોમાં પણ કામ કર્યું હતુ. ડ્રગ કેસમાં ફસાયા બાદ તેના હાથોમાંથી ઘણી ફિલ્મો છીનવાઈ ગઈ હતી.

## ટેક્સપેયર્સને નોટિસ નહીં એડવાઈઝરી મોકલવામાં આવી છે

। નવી દિલ્હી, તા.૨૭ ।

ઈક્રમ ટેક્સ વિભાગે તાજેતરમાં જ ટેક્સપેયર્સને કેટલાક ટ્રાન્ઝેક્શન અંગે કેટલીક માહિતી મોકલી હતી. જે અંગે ઈક્રમ ટેક્સ વિભાગે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ દ્વારા સ્પષ્ટતા આપી છે. ટેક્સ વિભાગે સ્પષ્ટતા આપતા કહ્યું કે, તે ટેક્સપેયર્સને મોકલવામાં આવેલી કોઈ નોટિસ નથી પરંતુ એક એડવાઈઝરી છે. જેને એ મામલે મોકલવામાં આવી છે જેમાં ટેક્સપેયર્સ દ્વારા ઈક્રમ ટેક્સ રિટર્નમાં કરવામાં આવેલા ખુલાસા અને રિપોર્ટિંગ યુનિટ તરફથી ઉપલબ્ધ કરાવેલી જાણકારી સાથે મેળ નથી ખાતી. ઈક્રમ ટેક્સ વિભાગે ટેક્સપ ેયર્સને કહ્યું કે, આ કમ્યુનિકેશન ટેક્સપેયર્સને ઉપલબ્ધ કરાવવામાં આવતી સુવિધા છે. ટેક્સપેયર્સ દ્વારા કરવામાં આવેલા ટ્રાન્જેક્શનની જે માહિતી ઈક્રમ ટેક્સ વિભાગ પાસે ઉપલબ્ધ છે તેનાથી તેમને માહિતગાર કરાવવામાં આવી રહ્યા છે જે રિપોર્ટિંગ યુનિટના નાણાકીય વર્ષ દરમિયાન આ ટ્રાન્જેક્શન સાથે સબંધિત વિગતો ટેક્સ વિભાગને ઉપલબ્ધ કરાવી છે. ટેક્સ વિભાગે કહ્યું કે, આ કમ્યુનિકેશનનો હેતુ ટેક્સપેયર્સને એક તક પૂરી પાડવાનો અને તેમને એ સુવિધા આપે છે.

**વિશેષ** “જ્યાં પણ મોદી કી ગેરંટી કી ગાડી જઈ રહી છે, તે લોકોનો આત્મવિશ્વાસ વધારી રહી છે અને લોકોની આશાઓને પૂર્ણ કરી રહી છે”

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિકસિત ભારત સંકલ્પ યાત્રાના લાભાર્થીઓ સાથે વાતચીત કરી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ મારફતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનાં લાભાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો. પ્રધાનમંત્રીએ આ પ્રસંગે જનમેદનીને સંબોધન પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં દેશભરમાંથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાના હજારો લાભાર્થીઓ જોડાયા હતા. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો અને સ્થાનિક સ્તરના પ્રતિનિધિઓ જોડાયા હતા.

આ પ્રસંગે પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, “વિકસિત ભારતનાં સંકલ્પ સાથે જોડાવાનું આ અભિયાન સતત વિસ્તરી રહ્યું છે. વિકાસ ભારત સંકલ્પ યાત્રા શરૂ થયાને ૫૦ દિવસ પણ નથી થયા, પરંતુ અત્યાર સુધી આ યાત્રા ૨.૨૫ લાખ ગામોમાં પહોંચી છે. આ પોતાનામાં જ એક રેકોર્ડ છે.” તેમણે દરેક વ્યક્તિનો, ખાસ કરીને મહિલાઓ અને યુવાનોનો, તેને સફળ બનાવવા બદલ આભાર માન્યો. તેમણે કહ્યું હતું કે, “વિકાસ ભારત સંકલ્પ યાત્રાનો ઉદ્દેશ એ વ્યક્તિ સુધી પહોંચવાનો છે, જે કોઈ કારણસર ભારત સરકારની યોજનાઓથી વંચિત રહી ગઈ છે.” પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, લોકો સુધી આ સક્રિય પહોંચ તેમને ખાતરી આપવા માટે છે કે સરકારી યોજનાઓ તમામ માટે ઉપલબ્ધ છે અને કોઈ પણ પ્રકારનાં ઉપકાર કે ભેદભાવ વિના. તેમણે ઉમેર્યું હતું કે, “હું એવા લોકોને શોધી રહ્યો છું જેમને છોડી દેવામાં આવ્યા છે.” પ્રધાનમંત્રીએ લાભાર્થીઓમાં અભૂતપૂર્વ વિશ્વાસની નોંધ લીધી હતી અને કહ્યું હતું કે, “દેશભરમાં દરેક



લાભાર્થી છેલ્લાં ૧૦ વર્ષમાં તેમનાં જીવનમાં આવેલા ફેરફારો વિશે ગાથા ધરાવે છે. તે હિંમતથી ભરેલી વાર્તા છે.” પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આ લાભો લાભાર્થીઓને તેમનાં જીવનને વધારે સારી બનાવવા માટે પ્રેરિત કરે છે. તેમણે કહ્યું હતું કે, “આજે દેશનાં લાખો લાભાર્થીઓ સરકારી યોજનાઓનો ઉપયોગ આગળ વધવાનાં માધ્યમ તરીકે કરી રહ્યાં છે.”

તેમણે કહ્યું હતું કે, જ્યાં પણ મોદી કી ગેરંટી કી ગાડી જઈ રહી છે ત્યાં લોકોનો આત્મવિશ્વાસ વધી રહ્યો છે અને લોકોની આશાઓને પૂર્ણ કરી રહી છે. તેમણે માહિતી આપી હતી કે, વીબીએસવાય દરમિયાન ઉજ્જવલા ગેસ કનેક્શન માટે ૪.૫ લાખ નવી અરજીઓ દાખલ કરવામાં આવી છે, ૧ કરોડ આયુષ્માન કાર્ડ ઈશ્યૂ કરવામાં આવ્યાં છે, ૧.૨૫ કરોડ હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યાં છે, ૭૦ લાખ લોકોની ટીબી માટે તપાસ કરવામાં આવી છે અને ૧૫ લાખ સિકલ સેલ એનિમિયા ટેસ્ટ કરવામાં આવ્યાં છે. તેમણે એવી માહિતી પણ આપી હતી કે, એક સાથે આભા કાર્ડ ઈશ્યૂ કરવાથી લાભાર્થીઓનાં તબીબી રેકોર્ડ ઊભા થશે. તેમણે કહ્યું હતું કે, “આનાથી સમગ્ર દેશમાં સ્વાસ્થ્ય સંબંધિત નવી જાગૃતિ ફેલાશે.”

પ્રધાનમંત્રીએ ઘણાં નવા લોકોને તેનો લાભ મળી રહ્યો છે એ બાબત તરફ ધ્યાન દોર્યું હતું તથા તેમણે સ્થાનિક સંસ્થાઓનાં પ્રતિનિધિઓની જવાબદારી પર ભાર મૂક્યો હતો તથા તેમને ગામ, વોર્ડ, શહેર અને વિસ્તારમાં દરેક લાયક વ્યક્તિની ઓળખ કરવા જણાવ્યું હતું. ગ્રામીણ અર્થતંત્રને વેગ આપવા માટે ભારત સરકાર ગામડાઓમાં મહિલાઓને સ્વરોજગારી પૂરી પાડવા માટે એક મોટું અભિયાન ચલાવી રહી છે. વીતેલા વર્ષોમાં દેશમાં લગભગ ૧૦ કરોડ બહેનો, દીકરીઓ અને દીદીઓ સ્વસહાય જૂથોમાં જોડાયા છે. આ બહેનો અને દીકરીઓને બેંકો દ્વારા સાડા સાત લાખ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે. પ્રધાનમંત્રીએ જાહેરાત કરી હતી કે, “આ અભિયાનને વધુ વિસ્તૃત કરવા માટે, મેં આગામી ત્રણ વર્ષમાં ૨ કરોડ લખપતિ દીદીઓ બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે.” તેમણે નમો ડ્રોન દીદી યોજનાનો પણ ઉલ્લેખ કર્યો હતો, જે ગ્રામીણ મહિલાઓનો આત્મવિશ્વાસ વધારશે.

નાના ખેડૂતોને સંગઠિત કરવાના અભિયાનનું વિસ્તૃત વિવરણ કરતા પ્રધાનમંત્રીએ એફપીઓ અને પીએસી જેવા સહકારી સાહસો વિશે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, “અમારો પ્રયાસ છે કે સહકાર ભારતમાં ગ્રામીણ જીવનના મજબૂત પાસા તરીકે ઉભરી આવે. અત્યાર સુધી આપણે દૂધ અને શેરડીના ક્ષેત્રમાં સહકારના ફાયદાઓ જોયા છે. હવે તેને કૃષિના અન્ય ક્ષેત્રો અને માછલી ઉત્પાદન જેવા ક્ષેત્રોમાં પણ વિસ્તૃત કરવામાં આવી રહ્યું છે. અમે આગામી સમયમાં ૨ લાખ ગામોમાં નવા પીએસીએસ બનાવવાના લક્ષ્યાંક સાથે આગળ વધી રહ્યા છીએ.” તેમણે ડેરી અને સ્ટોરેજમાં સહકારી ઉકેલોને પ્રોત્સાહન આપવાની દરખાસ્તો વિશે પણ માહિતી આપી હતી. તેમણે ઉમેર્યું હતું કે, “ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં ૨ લાખથી વધારે સૂક્ષ્મ ઉદ્યોગોને મજબૂત કરવા પ્રયાસો પણ થઈ રહ્યાં છે.”

પ્રધાનમંત્રીએ એક જિલ્લો, એક ઉત્પાદન યોજના વિશે પણ વાત કરી હતી અને ‘સ્થાનિક માટે અવાજ ઉઠાવવા’ને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે મોદી કી ગેરંટી કી ગાડી લોકોને સ્થાનિક ઉત્પાદનો વિશે માહિતગાર કરી રહી છે અને આ ઉત્પાદનો જીઈએમ પોર્ટલ પર પણ નોંધણી કરાવી શકાય છે. તેમણે મોદી કી ગેરંટી કી ગાડીની સતત સફળતાની આશા સાથે સમાપન કર્યું.

૧૫ મી નવેમ્બર, ૨૦૨૩ના રોજ તેની શરૂઆત થઈ ત્યારથી, પ્રધાનમંત્રીએ સમગ્ર દેશમાં વિકાસશીલ ભારત સંકલ્પ યાત્રાના લાભાર્થીઓ સાથે નિયમિતપણે વાતચીત કરી છે. આ વાર્તાલાપ ત્રણ વખત વીડિયો કોન્ફરન્સિંગ (૩૦ નવેમ્બર, ૯ ડિસેમ્બર અને ૧૬ ડિસેમ્બર)ના માધ્યમથી થયો છે. ઉપરાંત પ્રધાનમંત્રીએ તેમની તાજેતરની વારાણસીની મુલાકાત દરમિયાન સતત બે દિવસ (૧૭-૧૮ ડિસેમ્બર) વિકસિત ભારત સંકલ્પ યાત્રાના લાભાર્થીઓ સાથે શારીરિક આદાનપ્રદાન કર્યું હતું.

આ યોજનાઓનો લાભ તમામ લક્ષિત લાભાર્થીઓ સુધી સમયમર્યાદામાં પહોંચે તે હેતુથી સરકારની મુખ્ય યોજનાઓની સંતૃપ્તિ પ્રાપ્ત કરવાના હેતુથી સમગ્ર દેશમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા હાથ ધરવામાં આવી રહી છે.

# મહાપ્રબંધક પશ્ચિમ રેલવે દ્વારા પાલનપુર-સાબરમતી સેક્શનનું નિરીક્ષણ કર્યું હતું



। અમદાવાદ, તા.૨૭ ।

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી અશોક કુમાર મિશ્રએ તા. ૨૭-૧૨-૨૦૨૩ના રોજ અમદાવાદ મંડળના પાલનપુર-સાબરમતી સેક્શન અને સાબરમતી સ્ટેશન પર પુનર્વિકાસના કાર્યોનું નિરીક્ષણ કર્યું. એ દરમિયાન શ્રી મિશ્રએ સુરક્ષા અને સંરક્ષા, ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ કાર્ય, સ્ટેશન પર યાત્રી સુવિધાઓનું તથા અન્ય વિકાસ કાર્યોનું નિરીક્ષણ કર્યું. આ દરમિયાન મહાપ્રબંધક સાથે મંડળ રેલ પ્રબંધક અમદાવાદના શ્રી સુધીરકુમાર શર્મા, વિવિધ વિભાગોના અધ્યક્ષો અને અમદાવાદ મંડળના બ્રાંચ ઓફિસર પણ હાજર હતા. મહાપ્રબંધક શ્રી અશોક કુમાર મિશ્રએ પાલનપુરથી મહેસાણા વચ્ચે ડબલિંગ નિર્માણ કાર્યોનું નિરીક્ષણ કર્યું જેમાં રેલવે ટ્રેક, લેવલ ક્રોસિંગ, મહત્ત્વપૂર્ણ અને નાના બ્રિજ, સેક્શનમાં કર્વ્સ, ક્રોસિંગ અને સુરક્ષાના માપદંડો અનુસાર પાલનપુર-મહેસાણા સેક્શનનું નિરીક્ષણ કર્યું. સેક્શનમાં એમણે સંબંધિત અધિકારીઓ સાથે વિવિધ સંરક્ષણ પાસાંઓ અંગે ચર્ચા કરી. પાલનપુર તેમ જ મહેસાણા રેલવે સ્ટેશન પર બુકિંગ કાઉન્ટર, ફુટ ઓવરબ્રિજ, પ્લેટફોર્મ સહિત વિવિધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કાર્યોનું નિરીક્ષણ કર્યું અને સ્ટેશન પર સ્વચ્છતાનું પણ નિરીક્ષણ કર્યું. આ દરમિયાન મહાપ્રબંધકે અમૃત સ્ટેશન યોજના અંતર્ગત વિકસાવવામાં આવી રહેલા પાલનપુર અને મહેસાણા સ્ટેશનોના પુનર્વિકાસના કાર્યો જેમાં ઉચ્ચ સ્તરીય સુવિધાઓ મુસાફરોને મળશે તેનું પણ નિરીક્ષણ કર્યું. તે સાથે મહેસાણા સ્ટેશન પર તેમણે વડાપ્રધાન ભારતીય જન ઔષધિ કેન્દ્રનું પણ નિરીક્ષણ કર્યું.

### પ્રસિદ્ધ યાત્રાધામનો વિકાસ પૂરજોશથી સરકારે શરુ કર્યો

# અંબાજી-આબુ રોડ બ્રોડગેજ રેલવે લાઈનનું કામ વિરોધ બાદ ફરીવાર શરૂ કરવામાં આવ્યું

## પોલીસ બંદોબસ્ત સાથે આ કાર્ય ફરી શરુ કરવામાં આવ્યુ છે





। અંબાજી, તા.૨૭ ।

અંબાજી-આબુ રોડ રેલવે લાઈનનું કામકાજ સ્થાનિક આદિવાસી સમાજના વિરોધને લઈ અટકાવી દેવામાં આવ્યુ હતુ. પરંતુ હવે પોલીસ બંદોબસ્ત સાથે આ કાર્ય ફરી શરુ કરવામાં આવ્યુ છે. પોલીસનો બંદોબદસ્ત ખડકીને આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટને આગળ ધપાવવા માટે કાર્યવાહી શરુ કરાઈ છે.

સ્થાનિક આગેવાનોએ જમીન સંપાદનના બદલામાં ઓછી જમીન અપાતી હોવાનો આક્ષેપ કર્યો હતો. પ્રસિદ્ધ યાત્રાધામનો વિકાસ પૂરજોશથી સરકારે શરુ કર્યો છે. અંબાજીને હવે બ્રોડગેજ રેલવે લાઈવ વડે જોડવામાં આવનાર છે. આ માટે રેલવે લાઈનના કામકાજ શરુ કરવામાં આવ્યો છે. અંબાજીને આબુરોડ રેલવે ટ્રેક અને તારંગા રેલવે રુટ સાથે જોડવા માટે કાર્ય શરુ કરાયું છે. આ માટે પ્રોજેક્ટને પૂરજોશથી શરુ કરાયો છે. તો બીજી તરફ સ્થાનિકો દ્વારા પોતાને જમીન ઓછી અપાઈ રહી હોવાનો વિરોધ કરીને પ્રોજેક્ટના કામને અટકાવી દીધુ હતું.સ્થાનિકો દ્વારા પોતાને સંપાદિત જમીન કરતા વધુ જમીન આપવાની માંગ કરવામાં આવી છે. સ્થાનિક આગેવાનોએ સંપાદન થયેલ જમીનના પ્રમાણમાં ઓછી જમીન અપાતી હોવાનો આક્ષેપ કર્યો હતો. જોકે કામને ઝડપથી આગળ ધપાવવા માટે પોલીસ બંદોબસ્ત ફાળવવામાં આવ્યો છે. આમ હવે પોલીસ સુરક્ષા હેઠળ રેલવે પ્રોજેક્ટનું કાર્ય ચિખલા વિસ્તારમાં શરુ કરવામાં આવ્યુ છે.

### સ્કૂલ ફી ને લઈને FRCને પણ ઘોળીને પી જનારી

# સુરતની ૮૦૦ શાળાઓને નોટિસ ફટકારવામાં આવી

## જેમાં ૬૦ ટકા ખાનગી સ્કૂલોએ નોટિસનો જવાબ આપ્યો છે, જ્યારે ૪૦ ટકાએ હજી સુધી જવાબ આપ્યો નથી

। સુરત, તા.૨૭ ।

સ્કૂલ ફીને લઈને FRCને પણ ઘોળીને પી જનારી ૮૦૦ શાળાઓને નોટિસ ફટકારવામાં આવી છે. સાત દિવસમાં જવાબ નહિ મળે તો કચેરીએ ઉપર હાજર થવું પડશે. ખાનગી સ્કૂલોએ FRC સમક્ષ ફી વધારા માટે દરખાસ્ત કરવાની હોય છે. તથા ફી વધારો ન કરનારીએ એફિડેવિટ કરવાની હોય છે. પરંતુ દક્ષિણ ગુજરાતની ૮૦૦થી વધુ ખાનગી સ્કૂલોએ કોઈ એફિડેવિટ કરી જ નથી. જેને કારણે FRCએ આ ખાનગી સ્કૂલોનું લિસ્ટ કાઢીને ડીઈઓ ડો. દીપક દરજીને મોકલી આપ્યું હતું. જેથી તેઓએ ૮૦૦થી વધારે ખાનગી સ્કૂલોને નોટિસ ફટકારી છે. જેમાં એફિડેવિટ કે દરખાસ્ત ન કરવા પાછળનું કારણ પુછાયું છે. જેમાં ૬૦ ટકા ખાનગી સ્કૂલોએ નોટિસનો જવાબ આપ્યો છે. જ્યારે ૪૦ ટકાએ હજી સુધી જવાબ આપ્યો નથી. ઈઈ હેઠળ ખોટા દસ્તાવેજોના આધારે પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓના વાલીઓએ ચેતી જવાની જરૂર છે. અમદાવાદમાં ખોટા દસ્તાવેજ જમા કરીને પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓના પ્રવેશ રદ કરવામાં આવ્યા છે. RTE હેઠળ બોગસ દસ્તાવેજોના આધારે પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓના વાલીઓ સામે કાર્યવાહી અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીએ કાર્યવાહી કરી છે. અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીએ ૫૮ વિદ્યાર્થીના પ્રવેશ રદ કર્યા છે. શિક્ષણ વિભાગને મળેલી ફરિયાદના આધારે શંકાસ્પદ વિદ્યાર્થીઓના વાલીઓની તપાસ કરવામાં આવી હતી. આવા વાલીઓને રૂબરૂ બોલાવી દસ્તાવેજની ચકાસણી કરવામાં આવી હતી. આઈટી રિટર્નની તપાસ કરાતા વાલીઓની આવક દોઢ લાખથી વધુ જોવા મળી હતી. જોકે, વિદ્યાર્થીઓનું વર્ષ ન બગડે તે માટે ચાલુ શૈક્ષણિક વર્ષ સુધી જે-તે સ્કૂલમાં અભ્યાસ કરી શકશે. પરંતુ નવા શૈક્ષણિક સત્રથી પ્રવેશ રદ ગણાશે. શિક્ષણનો અધિકાર કાયદો ૨૦૦૯ દેશમાં બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવા માટે લાવવામાં આવ્યો હતો. તે ૬ થી ૧૪ વર્ષની વયના બાળકોને મફત શિક્ષણની ખાતરી આપે છે.

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.

લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

# નડિયાદના યુવક સાથે વિદેશી ગોરીએ હિન્દુ વિધિથી લગ્ન કર્યા

। નડિયાદ, તા.૨૭ ।

નડિયાદમાં વિદેશી મહિલા સાથે નડિયાદના યુવકના લગ્ન થયા છે.૨૦૨૦ના કોરોનાના સમયમાં કે જ્યારે દુનિયા પર બીમારીનું સંકટ ઘેરાયું હતું ત્યારે નડિયાદના દેશી બોય રાહુની વિદેશી ગોરી સાથે સોશિયલ મીડિયામાં ઓળખાણ થઈ અને પ્રેમ કહાનીએ લીધો આકાર હતો.

નડિયાદના અલીન્દ્રા ગામના રાહુ પટેલે અમેરિકાના લાસ વેગાસની જોવિતા સાથે ભારતીય પરંપરા મુજબ વિવાહ કર્યા છે.નડિયાદના સલૂણ ગામની વાડીમાં યોજાયેલો આ લગ્ન સમારોહ ઘણો અનોખો રહ્યો. જેમાં એક દેશી વરરાજા સાથે સાત સમુદ્ર પાર રહેતી અમેરિકન ગોરી લગ્નના બંધનથી જોડાઈ.વિદેશી દુલ્હન



જોવિતાને ભારતીય પરંપરા ખૂબ જ પસંદ આવી છે.

૨૦૨૦માં નડિયાદનો રાહુ પટેલ અને અમેરિકાના લાસ વેગાસની જોવિતા પરિચયમાં આવ્યા બાદ બન્ને વચ્ચેની મિત્રતા વધુ ગાઢ થઈને પ્રણયમાં પરિણમી હતી.

૨૦૨૧માં રાહુ પટેલ જોવિતાને મળવા માટે અમેરિકા પહોંચ્યો હતો.રૂબરૂ મુલાકાત બાદ બન્નેએ કોર્ટમાં નોંધણી કરાવી લગ્ન કરવાનો નિર્ણય કર્યો.

લગ્નનો નિર્ણય શરૂઆતમાં જોવિતાના પરિવારને મંજૂર ન હતો પરંતુ બાદમાં બન્નેના પ્રેમને જોઈને દીકરીના પરિવારે પણ બન્નેને સ્વિકારી લીધા હતા.

જોવિતા જીછમાં કૂક તરીકે કામ કરે છે.હિન્દુ લગ્ન વિધિથી લગ્ન કરવાની ઈચ્છા હોવાથી પરિવાર અને સમાજની હાજરીમાં નડિયાદના સલૂણ ગામમાં બન્ને લગ્નગ્રંથી જોડાયા છે

નવી આશા, નવી સફર, IVFની મદદથી આશાને હકિકતમાં ફેરવો..
MERRYLAND
Women' s Hospital & IVF (ટેસ્ટ ટ્યુબ બેબી) સેન્ટર
રાહત દરે IVF પેકેજ/ઓપરેશન 0% વ્યાજદરે EMI સુવિધા ઉપલબ્ધ
કેમ્પ

કેમ્પ
સૌથી ઓછા પ્રયત્ને ઝડપી ગર્ભધારણ માટે
- કારણ વગરના ઓવમપિક-અપ અને એમ્બ્રીયો ટ્રાન્સફરને રોકવા
- ઓછામાં ઓછા પ્રયત્ને ગર્ભધારણ મેળવવા
- ગર્ભપાતની શક્યતા ઓછી કરવા
- સૌથી સચોટ પધ્ધતિનો ઉપયોગ

નિશુલ્ક વ્યંધત્વ નિદાન કેમ્પ
તા. ૩૧-૧૨-૨૦૨૩ સુધી
સમય સવારે ૧૧ થી સાંજે ૬ સુધી

જટિલ સમસ્યાઓનાં નિવારણ માટે
- IUI કે IVF માં એકથી વધુ વાર નિષ્ફળતા
- 0% કે નહીવત શુક્રાણું
- લાંબુ કે જટિલ વ્યંધત્વ
- ગમે તેવી મોટી ઉંમર કે નીચું AMH
- PCOD સ્ત્રી બીજ ન બનવા કે છૂટા ન પાડવા
- બંને નળીઓ બંધ હોવી
- ગર્ભાશયમાં ગાંઠ હોવી
- એન્ડોમેટ્રીઓસીસ
- એડેનોમાયોસીસ

ઉપલબ્ધ સેવાઓ
- હાઈરિસ્ક પ્રેગનન્સી યુનિટ
- IUI, IVF સરોગેસી
- હિસ્ટ્રોસ્કોપી-લેપ્રોસ્કોપી
- હાઈરિસ્ક પ્રેગનેન્સી
- મેલ/ફિમેલ ઈનફર્ટીલીટી

દરેક ઈન્સ્યોરન્સ માટે કેશલેશ સુવિધાઓ ઉપલબ્ધ
ડો. હિતેશ પટેલ (ઈનફર્ટીલીટી સ્પેશ્યાલિસ્ટ)
સરનામુ :- ત્રીજો માળ, ડ્રીમસ્કવેર, નિર્ણયનગર અંડરબ્રીજની બાજુમાં, અખબારનગર, અમદાવાદ, ગુજરાત, www.merrylandhospital.com
રજીસ્ટ્રેશન ફ્રિ પણ ફરજીયાત, તો કોલ કરો.. + 91 9081 66 33 55 / 66

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨